શનિવાર

તા.૨૮/૧૧/૨૦૨૬

દ્રષ્ટિકોણ જનવાણી

PRIGI.NO. GJGUJ/26/A2124

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-239 | Editor - Gajera Divya | Date: 28 November-2026 Saturday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

લોકસભા બેઠકોમાં ૫૦% વધારો કરવાના પ્રસ્તાવને કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી, તા.૨૭

મોદી સરકારની કેબિનેટની બેઠક પૂરી થઈ ગઈ છે. આ બેઠક આશરે ૪૦ મિનિટ સુધી ચાલી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં સંસદની આગામી કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન બેઠકમાં સીમાંકન બિલને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અનામત સાથે જોડાયેલા સંશોધનને પણ મંજૂરી આપવામાં આવી હતી. આગામી ૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની કાર્યવાહી બોલાવવામાં આવી છે.

સીમાંકન બિલને લઈને ફરી એકવાર રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે જરૂરી સંખ્યાબળ એકત્ર કરી લીધું છે. ૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની કાર્યવાહી થશે. ૩ ડિસેમ્બરે સત્રનું સમાપન થશે. એટલે કે સરકારે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે અને જરૂરી સંખ્યાબળ એકત્ર કર્યા બાદ લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના સભાપતિને સત્ર બોલાવવાની વિનંતી કરી છે. બીજી તરફ, વિપક્ષ સરકારના આ પગલાને ગેરબંધારણીય ગણાવી રહ્યો છે. વિપક્ષનું કહેવું છે કે ન તો તેમને આ અંગે જાણ કરવામાં આવી, ન તો બિલની કોઈ નકલ વહેંચવામાં આવી અને માત્ર ૪ દિવસની નોટિસ પર સત્ર બોલાવી લેવામાં આવ્યું છે.



પરિસીમન અને મહિલા અનામત બિલને કેન્દ્રીય કેબિનેટની લીલી ઝંડીઃ મહિલા અનામત સાથે જોડાયેલા સંશોધનને પણ મંજૂરી મળી છે : ૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની કાર્યવાહી બોલાવવામાં આવશે

દરમિયાન, વિપક્ષી છાવણીની ઘણી પાર્ટીઓનો વલણ બદલાઈ ચૂક્યો છે. NCP (શરદ પવાર)ના ૮ સાંસદ બિલના સમર્થનમાં મતદાન કરી શકે છે. આ ઉપરાંત, DMK પણ સરકારની સાથે આવી ગઈ છે. તેના ૨૨ સાંસદ છે. એટલે સ્પષ્ટ છે કે સરકારે જરૂરી સંખ્યાબળ એકત્ર કરી લીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર પાસે આશરે ૩૫૫ સાંસદોનું સમર્થન છે. આવી સ્થિતિમાં બિલ પસાર કરવામાં કોઈ અડચણ દેખાતી નથી. આ દરમિયાન, તમામ વિપક્ષી પાર્ટીઓ સરકારના આ પગલાને ગેરબંધારણીય ગણાવી રહી છે. અખિલેશ યાદવનું કહેવું છે કે સીમાંકન ભાજપની સૌથી મોટી ભૂલ સાબિત થશે.

કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ પણ સરકાર પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે આ બિલ ભારતની આત્મા પર હુમલો છે. સરકારના તમામ પેંતરા નિષ્ફળ જશે. ૨૦૨૯માં જનતા સરકારને કચડી નાખશે. બીજી તરફ, આમ આદમી પાર્ટીએ પણ સીમાંકન બિલ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. સંજય સિંહે કહ્યું છે કે અમે કોઈપણ સંજોગોમાં આ બિલનો વિરોધ કરીશું. હિન્દી ભાષી વિસ્તારોમાં બેઠકો વધારવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે, જેથી ભાજપ આગામી ૧૦૦-૫૦ વર્ષ સુધી સત્તામાં બની રહે. તેનાથી વિપરીત, RJDના સાંસદ સુરેન્દ્ર યાદવે સીમાંકનનું સમર્થન કર્યું છે.

શું છે પરિસીમન બિલ? મહિલા અનામત સાથે શું છે તેનું કનેક્શન?

નવી દિલ્હી, મહિલા અનામતના અમલીકરણને ઝડપી બનાવવા માટે કેન્દ્ર સરકાર પરિસીમનનો માર્ગ અપનાવવાની તૈયારી કરી રહી છે. ૨૦૨૩માં સંસદે પસાર કરેલા નારી શક્તિ વંદન અધિનિયમમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. જોકે, આ અનામત નવી જનગણના બાદ થનારા પરિસીમનની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ લાગુ થવાની હોવાથી તેના અમલીકરણમાં વિલંબ થઈ રહ્યો છે. હવે સરકાર ૨૦૧૧ની જનગણનાના આંકડાના આધારે પરિસીમન કરવાની દિશામાં આગળ વધવા માગે છે.

પરિસીમન એટલે વસ્તીના આધારે લોકસભા અને વિધાનસભાની બેઠકોની સંખ્યા તથા મતવિસ્તારોની સીમાઓનું પુનર્નિર્ધારણ. દેશની વસ્તીમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને દરેક વિસ્તારને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે તેનો મુખ્ય હેતુ છે.અગાઉ રજૂ કરાયેલા ૧૩૧મા બંધારણીય સુધારા વિધેયકમાં લોકસભાની મહત્તમ સભ્યસંખ્યા ૮૫૦ કરવાની દરખાસ્ત હતી. તેમાં રાજ્યો માટે ૮૧૫ અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૩૫ બેઠકોની જોગવાઈ પ્રસ્તાવિત હતી. પરિસીમન માટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં પંચ રચવાની દરખાસ્ત પણ હતી. આ પંચ બેઠકોની વહેંચણી અને અનામત બેઠકો નક્કી કરવાની કામગીરી કરે તેવી જોગવાઈ સૂચવવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૩માં પસાર થયેલા નારી શક્તિ વંદન અધિનિયમ હેઠળ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે.

પરિસીમન બિલ પર સરકારને દક્ષિણની YSRCPનો સાથ મળવાના સંકેત

નવી દિલ્હી, તા.૨૭

મહિલા અનામત અને પરિસીમન બિલને લઈને સંસદના વિશેષ સત્ર પહેલાં રાજકીય હલચલ તેજ બની છે. કેન્દ્ર સરકાર માટે રાહતના સમાચાર એ છે કે દક્ષિણ ભારતની યુવજન શ્રમિક રાયતુ કોંગ્રેસ પાર્ટી (YSRCP)એ પ્રાદેશિક સંતુલન જાળવવાની શરતે પરિસીમન બિલને સમર્થન આપવાના સંકેત આપ્યા છે.

જોકે, પાર્ટીએ હજુ સુધી સત્તાવાર સમર્થનની જાહેરાત કરી નથી. ૩૦ નવેમ્બરથી શરૂ થનારા સંસદના વિશેષ સત્રમાં સરકાર પરિસીમન અને મહિલા અનામત સાથે સંકળાયેલું બંધારણીય સુધારા વિધેયક રજૂ કરે તેવી શક્યતા છે. સંસદીય કાર્યમંત્રી કિરેન રિજીજૂએ લોકસભાની બેઠક ૩૦ નવેમ્બર અને રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બરે બોલાવવાની માહિતી આપી છે. સત્ર ૩ ડિસેમ્બર સુધી ચાલવાની સંભાવના છે.અહેવાલ મુજબ, YSRCPએ સંકેત આપ્યો છે કે પરિસીમન પ્રક્રિયામાં દેશના તમામ પ્રદેશોનું રાજકીય પ્રતિનિધિત્વ અને પ્રાદેશિક સંતુલન જળવાતું હોય તો પાર્ટી બિલને સમર્થન આપી શકે છે. લોકસભામાં YSRCPના ચાર સાંસદ છે.

દક્ષિણનાં રાજ્યોમાં પરિસીમનને લઈને ચિંતા વ્યક્ત થઈ રહી છે ત્યારે આ પક્ષનું વલણ મહત્વનું બની શકે છે. સરકારને અન્ય વિપક્ષી પક્ષોનું સમર્થન મળવાની પણ અટકળો છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનાં સાંસદ સુપ્રિયા સુલેએ સંકેત આપ્યો છે કે બિલની જોગવાઈઓ દેશના હિતમાં હશે તો પાર્ટી તેના સમર્થન અંગે વિચારણા કરી શકે છે. જોકે, તેમણે વિપક્ષી ગઠબંધન INDIA સાથે ચર્ચા કરવાની વાત પણ કરી છે.બીજી તરફ, તમિલનાડુની સત્તાધારી પાર્ટી DMKના કેટલાક નેતાઓએ પણ રાજ્યનું પ્રતિનિધિત્વ સુરક્ષિત રાખવામાં આવે તો બિલને સમર્થન આપવા અંગે સકારાત્મક સંકેત આપ્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. તમિલનાડુની લોકસભામાં આશરે ૭.૨ ટકા ભાગીદારી જળવાઈ રહે તેવી ખાતરી તેમની મુખ્ય માગ હોવાનું કહેવાય છે.

જો DMKના ૨૨ અને NCP (શરદચંદ્ર પવાર)ના ૮ સાંસદોનું સમર્થન મળે તો સરકારનો આંકડો આશરે ૩૫૦ સુધી પહોંચી શકે છે. તેમ છતાં ૩૬૦ના સંભવિત લક્ષ્યાંક સુધી પહોંચવા માટે વધુ સમર્થનની જરૂર પડશે.અહીં નોંધવું જરૂરી છે કે બંધારણીય સુધારા માટે માત્ર કુલ સભ્યસંખ્યાના બે તૃતીયાંશ મત પૂરતા નથી, પરંતુ ગૃહની કુલ સભ્યસંખ્યાની બહુમતી અને હાજર રહી મતદાન કરનારા સભ્યોના ઓછામાં ઓછા બે તૃતીયાંશ મત બંને જરૂરી છે. તેથી અંતિમ બહુમતીનું ગણિત મતદાન સમયે હાજર સભ્યોની સંખ્યા પર પણ નિર્ભર રહેશે.

પ્રાદેશિક સંતુલન જળવાય તો સમર્થન આપવા તૈયાર: DMK અને શરદ પવાર જૂથના વલણ પર પણ નજર



યમનની રાજધાની સના સહિત અનેક સ્થળોએ બોમ્બમારો

રિયાધ/સના, તા.૨૭

સાઉદી અરેબિયા અને યમનના હુથી વિદ્રોહીઓ વચ્ચેનો સંઘર્ષ ફરી ઉગ્ર બન્યો છે. સાઉદી અરેબિયાએ ગુરુવારે યમનમાં હુથી વિદ્રોહીઓના ઠેકાણાઓને નિશાન બનાવી હવાઈ હુમલા કર્યા હતા. યમનની રાજધાની સના સહિત અનેક વિસ્તારોમાં સાઉદી ફાઇટર જેટ્સ દ્વારા બોમ્બમારો કરવામાં આવ્યો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

યમનમાં કરવામાં આવેલા આ હવાઈ હુમલામાં ચાર લોકોનાં મોત થયાં હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. હુથીઓના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં રહેતા લોકોએ ગુરુવારે રાત્રે અનેક વિસ્ફોટોના અવાજ સાંભળ્યા હોવાનું જણાવ્યું હતું. જોકે, જાનહાનિ અને નુકસાન અંગેની વિગતોની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે.

આ ઘટનાક્રમ પહેલાં સાઉદી અરેબિયાની જજાન સ્થિત તેલ રિફાઇનરી પર હુમલો થયાના અહેવાલો સામે આવ્યા હતા. સાઉદી પક્ષના જણાવ્યા અનુસાર, આ હુમલામાં નેપાળના એક કર્મચારીનું મોત થયું હતું. તેલ રિફાઇનરીને નિશાન બનાવવામાં આવતાં સાઉદી અરેબિયા અને હુથી વિદ્રોહીઓ વચ્ચે તણાવ વધુ વધ્યો છે.

યમનમાં લાંબા સમયથી હુથી વિદ્રોહીઓ અને સાઉદી સમર્થિત સરકારી દળો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે.

ભારતની અર્થવ્યવસ્થા ૩૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય

નવી દિલ્હી, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ અને વેપાર ક્ષેત્રના પડકારો વચ્ચે પણ ભારતની અર્થવ્યવસ્થા મજબૂત ગતિએ આગળ વધી રહી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આગામી બે દાયકામાં ભારતની અર્થવ્યવસ્થા ૩૦ ટ્રિલિયન ડોલરના સ્તરે પહોંચી શકે છે. સરકારનું લક્ષ્ય વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવાનું છે.નવી દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા ડેટ એન્ડ કેપિટલ માર્કેટ સમિટ ૨૦૨૬ને સંબોધતાં ગોયલે જણાવ્યું હતું કે ભારતે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ આર્થિક સ્થિતિસ્થાપકતા જાળવી રાખી છે. વેપાર, ઉત્પાદન, રોકાણ, નિકાસ અને માળખાગત સુવિધાઓના વિકાસને કારણે ભારત વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષક સ્થળ બની રહ્યું છે.પીયૂષ ગોયલના જણાવ્યા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતે ૭.૮ ટકાનો આર્થિક વિકાસ નોંધાવ્યો છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન એટલે કે સ્થિર મૂડીરોકાણમાં પણ આશરે ૧૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત ધિરાણ વૃદ્ધિ લગભગ ૧૯ ટકા સુધી પહોંચી હોવાનું તેમણે જણાવ્યું હતું. ભારતની નિકાસ ક્ષમતામાં થઈ રહેલા વધારા અંગે ગોયલે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષના પ્રથમ સાત મહિનામાં જ દેશની નિકાસ ૫૭૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે.

નેટફ્લિક્સને પાકિસ્તાની શો ભારતમાં પ્રસારિત નહીં કરવા કેન્દ્રની તાકીદ

નવી દિલ્હી, તા.૨૭

પાકિસ્તાની કન્ટેન્ટના ભારતમાં પ્રસારણને લઈને કેન્દ્ર સરકારે નેટફ્લિક્સને મહત્વપૂર્ણ સૂચના આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સને પાકિસ્તાનમાં નિર્મિત શો અને ફિલ્મોનું ભારતમાં પ્રસારણ ન થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. નેટફ્લિક્સના પ્રથમ પાકિસ્તાની શો 'જો બચે હૈ સંગ સમેટ લો'ને લઈને મળેલી ફરિયાદો બાદ સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સને પાકિસ્તાનમાં નિર્મિત શો અને ફિલ્મોનું ભારતમાં પ્રસારણ ન થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું

પ્રાપ્ત માહિતી અનુસાર, આ શોનું ટ્રેલર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું હતું અને તેનું પ્રસારણ ૪ ડિસેમ્બરથી શરૂ થવાનું છે. જોકે, નેટફ્લિક્સે હજુ સુધી ભારતમાં આ શો રજૂ કરવામાં આવશે કે નહીં તે અંગે સત્તાવાર સ્પષ્ટતા કરી નથી.

આ શોના ભારતમાં પ્રસારણ સામે સિનેમા ક્ષેત્રનાં બે સંગઠનોએ વાંધો ઉઠાવ્યો છે. ઓલ ઇન્ડિયન સિને વર્કર્સ એસોસિએશન (AICWA) અને ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (FWICE)એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને શોના ભારતમાં પ્રસારણ પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, માહિતી અને પ્રસારણ મંત્રાલયે નેટફ્લિક્સને જૂન ૨૦૨૫માં સરકારને આપેલા વચનની યાદ અપાવી છે. તે સમયે નેટફ્લિક્સે ભારતીય દર્શકો માટે પાકિસ્તાનમાં બનેલી ફિલ્મો કે વેબ સિરીઝનું પ્રસારણ નહીં કરવાની ખાતરી આપી હતી.

અમેરિકામાં વાવાઝોડાનો કહેર, મુસાફરો અટવાયા, અનેક રાજ્યોમાં વીજળી ગુલ

વોશિંગ્ટન, તા.૨૭

અમેરિકાના પૂર્વ ભાગમાં થેન્ક્સગિવિંગના સમયે ત્રાટકેલા શક્તિશાળી વાવાઝોડાએ ભારે તબાહી સર્જી છે. ભારે પવન, મૂશળધાર વરસાદ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે અને તહેવારની મુસાફરી પર માઠી અસર પડી છે. હવામાન વિભાગે આ સ્થિતિને તાજેતરના ઈતિહાસના સૌથી મોટા થેન્ક્સગિવિંગ તોફાન તરીકે વર્ણવી છે.વીજ પુરવઠા પર નજર રાખતી વેબસાઇટ પોવર આઉટેજના અહેવાલ મુજબ, ગુરુવાર સાંજ સુધીમાં મધ્ય-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ



વિસ્તારમાં આશરે નવ લાખ ગ્રાહકો વીજળી વિના રહ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પેન્સિલવેનિયામાં ૨.૧૩ લાખથી વધુ, વર્જિનિયામાં ૧.૫ લાખથી વધુ અને મિસૂરીમાં લગભગ ૧.૨ લાખ ગ્રાહકોને વીજળી મળી શકી ન હતી.

વર્જિનિયામાં આશરે બે લાખ અને મેરીલેન્ડમાં ૧.૭૭ લાખ ઘરો તથા વેપારી સંસ્થાઓમાં અંધારપટ છવાયો હતો.પૂર્વ કિનારાના વિસ્તારોમાં ૧૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવને અનેક વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી કર્યા હતા. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા મુજબ ડેલાવેર, ન્યૂ જર્સી અને દક્ષિણ-પૂર્વ પેન્સિલવેનિયામાં વૃક્ષો અને વીજ લાઇનો તૂટી પડવાથી મોટા પાયે વીજ કાપ સર્જાયો છે.થેન્ક્સગિવિંગના સમયે આવેલા આ તોફાને હવાઈ પ્રવાસીઓની મુશ્કેલીમાં મોટો વધારો કર્યો છે.

સમગ્ર દેશમાં સેંકડો ફ્લાઇટ્સ રદ થઈ છે અને હજારો ફ્લાઇટ્સ મોડી પડી રહી છે, જેના કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા છે. ફ્લાઇટઅવેરના ડેટા અનુસાર ગુરુવારે અમેરિકન હવાઈ મથકો પર ૩૫૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૭૦૦ ફ્લાઇટ્સમાં વિલંબ થયો હતો.થેન્ક્સગિવિંગ આસપાસના સાત દિવસ દરમિયાન ૮.૧૫ કરોડ અમેરિકનો ઓછામાં ઓછા ૫૦ માઇલ દૂર પ્રવાસ કરવાના હતા.

મુંબઈના ભક્તે સાંઈબાબાના ચરણે ૧ કિલો વજનનો હીરાજડિત સોનાનો હાર અર્પણ કર્યો

શિરડી, તા.૨૭

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ શિરડી સાંઈબાબા મંદિરમાં ભક્તો દ્વારા કરવામાં આવેલા કિંમતી દાનની ચર્ચા શરૂ થઈ છે. બે ભક્તોએ પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે સાંઈબાબાના ચરણે અમૂલ્ય ભેટ અર્પણ કરી છે. એક ભક્તે આશરે ૧ કિલો વજનનો હીરાજડિત સોનાનો હાર અર્પણ કર્યો છે, જ્યારે અન્ય ભક્તે ૨ કિલો ચાંદીના બિસ્કીટનું દાન કર્યું છે.

મંદિર ટ્રસ્ટ પાસેથી મળેલી માહિતી



અનુસાર, મુંબઈના એક ભક્તે સાંઈબાબાને હીરાજડિત સોનાનો હાર અર્પણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. આ માટે તેમણે મંદિર ટ્રસ્ટનો સંપર્ક કર્યો હતો અને પોતાનું નામ જાહેર ન કરવાની વિનંતી કરી હતી. આશરે ૧ કિલો વજન ધરાવતા આ હારની કિંમત મંદિર ટ્રસ્ટ દ્વારા રૂ. ૧.૧૬ કરોડ આંકવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

બીજા એક ભક્તે પોતાની માનતા પૂર્ણ થતાં સાંઈબાબાના ચરણે ૨ કિલો ચાંદીના બિસ્કીટ અર્પણ કર્યા છે. આ ભક્તે પણ પોતાની ઓળખ ગુપ્ત રાખવાની વિનંતી કરી હતી. આ ચાંદીની કિંમત રૂ. ૩ લાખથી વધુ હોવાનું જણાવવામાં આવ્યું છે.

થોડા સમય પહેલાં તિરુપતિના તિરુમલા મંદિરમાં એક ભક્ત દ્વારા ૧૨૧ કિલો સોનાના ઘરેણાં અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ વિશાળ દાન બાદ હવે શિરડી સાંઈબાબા મંદિરમાં થયેલા કિંમતી ગુપ્ત દાનની ચર્ચા થઈ રહી છે. દેશભરના શ્રદ્ધાળુઓ માટે આ દાન ભક્તિ અને શ્રદ્ધાનું અનોખું ઉદાહરણ બન્યું છે.



છ થી સાત મહિનાથી પુત્રના અંતિમ શ્વાસ લીધેલા સ્થળે આવી માતા મૌન આંસુ વહાવે છે

પુત્રના મોત બાદ માતાની દુનિયા થંભી, સ્મીમેરની બહાર પુત્રની યાદમાં સળગાવે છે સિગારેટ

દ્રષ્ટિકોણ-સુરત, પુત્રના મૃત્યુ બાદ છથી સાત મહિના વીતી ગયા, દિવસો બદલાયા, સમય આગળ વધ્યો, પરંતુ એક માતાનું મન જાણે એ જ જગ્યાએ અટકી ગયું છે, જ્યાં તેના લાડકા પુત્રએ જીવનનો અંતિમ શ્વાસ લીધો હતો. પુત્ર હવે આ દુનિયામાં નથી, છતાં માતાનું હૃદય રોજ તેને શોધે છે. કદાચ આજે પણ તેને ક્યાંક આશા છે કે દીકરો તેને સાંભળશે, તેની ભૂમનો જવાબ આપશે અને દોડીને આવીને માતાને ભેટી પડશે!

સ્મીમેર હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, આશરે છથી સાત મહિના પહેલાં માતાના પુત્ર રાજુનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તબિયત લથડતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને સ્મીમેર હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, પરંતુ કેજ્યુઅલ્ટી વિભાગની બહાર તેણે અંતિમ શ્વાસ લીધા હતા. પુત્રના મોતનો આઘાત માતા સહન કરી શકી નહોતી. ત્યારથી જાણે તેની જિંદગીનો એક હિસ્સો હોસ્પિટલની બહાર એ જ સ્થળે અટકી ગયો છે. જ્યાં પુત્રએ અંતિમ શ્વાસ લીધા હતા, તે જ સ્થળ આજે માતા માટે મંદિર સમાન બની ગયું છે.

દર અઠવાડિયે તે ત્યાં આવીને પુત્રનું નામ લે છે, તેને યાદ કરે છે અને હૃદયમાં ભરાયેલી વેદનાને મૌન આંસુઓમાં વહાવી દે છે. જાણે દીકરાને બોલાવી રહી હોય... જાણે કહી રહી હોય કે, 'બેટા, તારી મા આવી છે, એકવાર તો જવાબ આપ! પરંતુ સામે કોઈ



અવાજ આવતો નથી. જવાબમાં મળે છે માત્ર નિઃશબ્દતા, આંખોમાંથી વહેતાં આંસુ અને હૃદયમાં ધરબાયેલી અસહ્ય વિરહની વેદના. પુત્રની યાદમાં માતા તેની પસંદગીની વસ્તુઓ પણ ત્યાં મૂકી જાય છે. એક સિગારેટ સળગાવીને મૂકવામાં

પુત્રની પસંદગીની સિગારેટ, પાણીની બોટલ અને ગુટખાનાં પેકેટ મૂકીને વિરહની વેદનાને હળવી કરવાનો પ્રયાસ

આવે છે, સાથે પાણીની બોટલ અને ગુટખાનાં પેકેટ પણ મૂકવામાં આવે છે.

કદાચ આ વસ્તુઓ દ્વારા માતા તેના પુત્ર સાથેની યાદોને જીવંત રાખવાનો પ્રયાસ કરે છે. થોડો સમય ત્યાં રોકાઈ, મનનો ભાર હળવો કરીને તે ફરી પાછી જતી રહે છે. આ ક્રમ દર અઠવાડિયે ચાલતો રહ્યો છે. સ્મીમેર હોસ્પિટલના પરિસરમાં સિગારેટ પીવા અને ગુટખા ખાવા પર પ્રતિબંધ છે. નિયમોનો ભંગ કરનાર પાસેથી દંડ પણ વસૂલવામાં આવે છે. જોકે, આ માતા પુત્રની યાદમાં સિગારેટ સળગાવીને મૂકે છે અને ગુટખાનાં પેકેટ મૂકતી હોવાની તેની ભાવનાત્મક સ્થિતિને જોઈ હોસ્પિટલનો સ્ટાફ પણ તેને રોકવા કે ટોકવાની હિંમત કરતો નથી. એક તરફ હોસ્પિટલમાં લોકો પોતાના સ્વજનોને બચાવવા પ્રાર્થના કરતા હોય છે, તો બીજી તરફ એ જ હોસ્પિટલની બહાર એક માતા પોતાના ગુમાવેલા દીકરાની યાદમાં દર અઠવાડિયે મૌન આંસુ વહાવે છે. માતૃત્વની લાગણી, પુત્રવિરહ અને યાદોની આ હૃદયદ્રાવક ઘટના હોસ્પિટલના કર્મચારીઓની આંખો પણ ભીની કરી દે છે.



દ્રષ્ટિકોણ-સુરતઃ સુરત શહેરના પોક બજારમાં વેચાણ માટે મોટા પાયે માલસામાન અને આકર્ષક સ્ટોલ તૈયાર કરાયા છે, પરંતુ બજારમાં ઘરાકીની ચહલપહલ જોવા મળતી નથી. વેપારીઓએ તહેવારને ધ્યાનમાં રાખીને મોટા પ્રમાણમાં તૈયારી કરી છે, છતાં આ વર્ષે ઘરાકી ઓછી રહેતાં વેપારીઓમાં નિરાશાનો માહોલ છવાયો છે.

ઉધનામાં જૂની અદાવતમાં યુવક પર બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયારથી હુમલો

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

ઉધના વિસ્તારમાં જૂની અદાવતને લઈને એક શખ્સે યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. હુમલામાં યુવક ઉપરાંત તેને બચાવવા વચ્ચે પડેલો તેનો મિત્ર પણ ઈજાગ્રસ્ત થયો હતો. આ ઉપરાંત હુમલાખોરે અગાઉ યુવકની માતા અને પુત્રવધૂને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ પણ પોલીસ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

માતા અને પુત્રવધૂને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી; બચાવવા વચ્ચે પડેલા મિત્રને પણ ઈજા પહોંચાડી આરોપી ફરાર

મળતી માહિતી મુજબ, ઉધનાના બી.આર.સી. વિસ્તારમાં ગાંધીકુટિર ખાતે રહેતાં ૪૦ વર્ષીય સાવિત્રીબેન વીર સિંહે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ૨૫ નવેમ્બરના રોજ સાંજે આશરે ૬:૩૦ વાગ્યે કુલદીપ ઉર્ફે પ્રિન્સ નામનો શખસ તેમના ઘરે આવ્યો હતો અને તેમના પુત્ર રોહિત ઉર્ફે બટકા ઉર્ફે અમન અંગે પૂછપરછ કરવા લાગ્યો હતો. આ દરમિયાન તેણે સાવિત્રીબેન અને તેમની પુત્રવધૂ લક્ષ્મી સાથે ગાળાગાળી કરી હતી. રોહિત મળી જશે તો જાનથી મારી નાખવાની ધમકી આપીને તે ત્યાંથી જતો રહ્યો હતો.

ત્યારબાદ રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યે ઉધના કલ્યાણ કુટિર વિસ્તારમાં શિવમ હેર સલૂન સામે આરોપી કુલદીપ ઉર્ફે પ્રિન્સ દોડતો રોહિત પાસે પહોંચ્યો હતો. આરોપીને જોઈ રોહિત ત્યાંથી ભાગીને નજીકમાં આવેલી શિવમ હેર સલૂનની દુકાનમાં ઘૂસી ગયો હતો. જોકે, આરોપીએ પેન્ટના ખિસ્સામાંથી બ્લેડ જેવું તીક્ષ્ણ હથિયાર કાઢીને રોહિતની જમણી બાજુના પડખાના ભાગે ઘા ઝીંકી દીધો હતો. આ દરમિયાન રોહિતનો મિત્ર રાહુલ ઉર્ફે બટકા તેને બચાવવા વચ્ચે પડતાં આરોપીએ તેના ડાબા ખભાના ભાગે પણ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો અને ઢીકમુક્કીનો માર માર્યો હતો. હુમલો કર્યા બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સાવિત્રીબેને ઉધના પોલીસ મથકમાં કુલદીપ ઉર્ફે પ્રિન્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લોભામણી સ્કીમથી રૂ.૯.૯૨ કરોડની છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપીના જામીન નામંજૂર

દ્રષ્ટિકોણ-સુરત : લોભામણી લાલચ આપી પોણા દસ કરોડથી વધુની ચેટિંગ કરવાના પ્રકરણમાં રાજસ્થાન ભીલવારાના અનિલશંકરલાલ બિરલાના જામીન સુરત સેશન કોર્ટે નામંજૂર કર્યા હતા.

ડીસીબી પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦(ખ), ૧૧૪ તથા પ્રાઈઝ ચીટ એન્ડ મની સર્કયુલેશન સ્કીમ એક્ટ, ૧૯૭૮ ની કલમ ૩, ૪ અને ૫ મુજબ નોંધાયેલી ફરિયાદ અનુસાર, આરોપી અનિલ શંકરલાલ બિરલા "અભિનવ ગોલ્ડ ઈન્ટરનેશનલ માર્કેટિંગ પ્રા. લિ." કંપનીના મુખ્ય સૂત્રધાર અને પ્રેરક છે, અનિલે સહ આરોપીઓ સાથે મળી લોભામણી સ્કીમ દ્વારા કુલ રૂ. ૯,૯૨,૭૭,૪૯૦ ની છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે.

આ કેસમાં અનિલે જામીન અરજી કરી હતી. જેમાં તેના વકીલે દલીલ કરી હતી કે ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે, તમામ સહ-આરોપીઓને જામીન મળ્યા છે, આરોપી નિર્દોષ છે, ફરાર થશે નહીં, તપાસમાં સહકાર આપશે તથા ફરિયાદી અને સાક્ષીઓ વચ્ચે સમાધાન થયું હોવાથી જામીન મળવા જોઈએ. સરકાર તરફે એપીપી રાજેશ ડોબરીયાએ દલીલો કરી હતી કે આરોપી ગુનામાં સક્રિય રીતે સંડોવાયેલો છે અને તેની વિરુદ્ધ પ્રથમદર્શની કેસ છે. ફરિયાદમાં મુખ્ય આરોપી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ તેની જામીન અરજી ફગાવવામાં આવી છે. આ કારણોસર જામીન અરજી નામંજૂર કરવી જોઈએ. સેશન્સ કોર્ટે માત્ર સમાધાનના આધારે જામીન મળી શકે નહીં તેમ જણાવી જામીન અરજી નામંજૂર કરી હતી.

સહ-આરોપીઓને જામીન અને ફરિયાદી સાથે સમાધાન છતાં અનિલ બિરલાની અરજી ફગાવાઈ

મિત્રને મળવા જવાનું કહી ઘરેથી નીકળેલા યુવકનું ઝેર ગટગટાવતા મોત

દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૭

સુરતના પલસાણાથી મળવા આવેલા ૨૦ વર્ષીય યુવકનું ઝેરી દવા પીધા બાદ સારવાર દરમિયાન મોત નીપજતાં ચકચાર મચી છે. યુવક ઘરેથી મિત્રને મળવા અથવા કામ અર્થે જવાનું કહી નીકળ્યો હતો. જોકે, બે દિવસ બાદ તે પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કારમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન શુક્રવારે સવારે તેનું મોત નીપજ્યું હતું.

સારવાર દરમિયાન સુરત નવી સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા, મોતનું કારણ રહસ્યમય

મળતી માહિતી મુજબ, મૃતક રાહુલ અગાઉ પલસાણામાં રહેતો હતો અને હાલ પોતાના ભાઈ કમલેશ ખટીક સાથે વાપી ખાતે રહેતો હતો. કમલેશે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં રાહુલ પલસાણામાં મિત્રને મળવા અથવા કોઈ કામ હોવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. રાત્રે ફોન પર વાત થતાં રાહુલે સવારે પરત આવી જવાની વાત કરી હતી. તે સમયે રાહુલ દારૂના નશામાં હોવાની પણ જાણ થઈ હતી. બીજા દિવસે સવારે ૮:૩૦ વાગ્યાની આસપાસ કમલેશે રાહુલને ફોન કર્યો હતો, પરંતુ તેણે ફોન રિસીવ કર્યો નહોતો. ત્યારબાદ સવારે ૯:૩૦ વાગ્યે ફરી ફોન કરતાં રાહુલે અડધા કલાકમાં નીકળી જવાની વાત કરી હતી.

જોકે, ત્યારબાદ તેનો મોબાઈલ ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. જેથી કમલેશ રાહુલની શોધખોળ કરવા નીકળ્યો હતો. શોધખોળ દરમિયાન પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં રાહુલની કારના દરવાજા ખુલ્લા હાલતમાં મળી આવ્યા હતા અને રાહુલ કાર નજીક બેઠેલો હતો.

પૂછપરછ કરતાં તેણે કોઈ દવા પી લીધી હોવાનું જણાવ્યું હતું. જેથી તેને તાત્કાલિક નજીકની બે અલગ-અલગ ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જોકે, સારવાર દરમિયાન શુક્રવારે સવારે રાહુલે અંતિમ શ્વાસ લીધા હતા. રાહુલે કયા કારણોસર ઝેરી દવા પીધી હતી, તેની પાછળ કોઈ અંગત કારણ હતું કે અન્ય કોઈ સંજોગો જવાબદાર હતા તે અંગે પરિવારજનો પણ અજાણ છે. યુવકના અચાનક મોતને પગલે અનેક સવાલો ઊભા થયા છે. હાલ પલસાણા પોલીસે તપાસ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે.

દિવંગત ડો. ફિરોઝ ખાનના જન્મદિવસે મિત્રોએ રક્તદાન કેમ્પ યોજી અનોખી શ્રદ્ધાંજલિ અર્પી

નવી સિવિલ હોસ્પિટલમાં બાળદર્દીઓને રમકડાં અને ભેટસોગાદોનું વિતરણ, વોલીબોલ મેચ રમી મિત્રની યાદો તાજી કરી



દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

નવી સિવિલ હોસ્પિટલ ખાતે દિવંગત ડો. ફિરોઝ ખાનના જન્મદિવસ નિમિત્તે તેમના વોલીબોલ મિત્રમંડળ દ્વારા રક્તદાન કેમ્પ અને સેવાકીય કાર્યક્રમ યોજી અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. છેલ્લા ૧૫ વર્ષથી જે મેદાન પર ડો. ખાન નિયમિત વોલીબોલ રમતા હતા, તે જ મેદાન પર યોજાયેલા સ્મૃતિ કાર્યક્રમમાં મિત્રોએ રમતગમત સાથે માનવસેવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન મિત્રોએ ડો. ફિરોઝ ખાનની સ્મૃતિમાં વોલીબોલ મેચ રમી હતી અને કેક કાપીને તેમની સાથે વિતાવેલી યાદગાર પળોને વાગોળી હતી. દિવંગત મિત્રની યાદને ચિરંજીવ રાખવાના હેતુથી જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળદર્દીઓ તેમજ અશક્ત અને દિવ્યાંગ બાળકોને રમકડાં અને ભેટસોગાદોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, જન્મદિવસની ઉજવણીને સેવાકાર્ય સાથે જોડીને મિત્રોએ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગે તબીબી અધિક્ષકે જણાવ્યું હતું કે, મિત્રની યાદમાં રક્તદાન કેમ્પ યોજવો, ફિટનેસ માટે વોલીબોલ રમવું અને સિવિલ હોસ્પિટલમાં દાખલ બાળકોને ભેટ આપવી એ સાચી મિત્રતાનું ઉદાહરણ છે.

રક્તદાન દ્વારા દર્દીઓના જીવન બચાવવામાં સહયોગ આપવો એ માનવતાનું ઉત્તમ કાર્ય છે. કાર્યક્રમમાં તબીબી અધિક્ષક, નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ, ભૂતપૂર્વ તબીબો, ડો. ફિરોઝ ખાનના પરિવારજનો, મિત્રવર્તુળ અને વોલીબોલ ટીમના ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વેપારીનો મોબાઈલ હેક કરી બેંક ખાતામાંથી રૂ.૭૦ હજાર ટ્રાન્સફર કરી ઠગાઈ

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

સુરતમાં સાયબર ઠગાઈનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. લાલગેટ વિસ્તારમાં રહેતા એક વેપારીનો મોબાઈલ ફોન હેક કરી અજાણ્યા સાયબર ઠગે બે અલગ-અલગ બેંક ખાતાંમાંથી કુલ રૂ.૭૦ હજારની રકમ બારોબાર ટ્રાન્સફર કરી લીધી હતી. વેપારીને જાણ બહાર નાણાં ઉપડી જતાં છેતરપિંડીનો ભોગ બન્યાની જાણ થઈ હતી. આ મામલે લાલગેટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાણાવટ વિસ્તારમાં જૂની વિઠ્ઠલવાડી સામે આવેલા વિકાસ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૪ વર્ષીય અમીન મજીદભાઈ મુસાની વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત ૨૦થી ૨૧ નવેમ્બર દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ ફોન હેક કરી લીધો હતો. ત્યારબાદ સાયબર ઠગે વેપારીના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૬૦ હજાર અને કોટક મહિન્દ્રા બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૭૦ હજારની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી.

વેપારીને પોતાની જાણ બહાર નાણાં ટ્રાન્સફર થયાની જાણ થતાં તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. અમીન મુસાની ફરિયાદના આધારે લાલગેટ પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી સાયબર ઠગાઈના આ બનાવમાં વધુ તપાસ હાથ ધરી છે.

તપાસ પૂર્ણ, તો પછી FIR કેમ નથી કરી? હાઈકોર્ટની ફટકાર

નાસીરનગર ભૂતિયા ડિમોલિશન મુદ્દે હાઈકોર્ટે ફરી અધિકારીઓનો ઉધડો લીધો, રાજ્યના ચીફ સેક્રેટરીને મુદ્દો ધ્યાને લેવા ટકોર

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

નાસીરનગર ભૂતિયા ડિમોલિશન મુદ્દે આજે હાઈકોર્ટે ફરી અધિકારીઓનો ઉધડો લીધો હતો. જ્યારે સરકારી વકીલે એવો ખુલાસો આપ્યો કે તપાસ પૂર્ણ થઈ છે અને રિપોર્ટ બની રહ્યો છે, ત્યારે હાઈકોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે તો પછી હજુ FIR કરવામાં કેમ નથી આવી? સુનાવણીમાં હાઈકોર્ટે રાજ્યના ચીફ સેક્રેટરી પણ આ મુદ્દાને ધ્યાનમાં લે તેવી ટકોર હાઈકોર્ટે કરી હતી.

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ નાસીરનગરનું તાબડતોબ ડિમોલિશન કરી દેવામાં આવ્યું હતું. આગોતરી જાણ કે નોટિસ વિના જ પોલીસ બંદોબસ્ત સાથેનો સુરત મહાનગરપાલિકાનો સ્ટાફ નાસીરનગરમાં ધસી ગયો હતો અને કાચા-પાકા મકાનો જમીનદોસ્ત કરી જગ્યા ખુલ્લી કરી નાંખી હતી. વીજ કંપનીને પણ ટૂંકી નોટિસ આપી તાબડતોબ બોલાવવામાં આવી હતી અને ચાલુ ડિમોલિશને જ વીજ કનેક્શન કાપ્યા હતાં. આ સંપૂર્ણ ઘટના ભૂતિયા ડિમોલિશન તરીકે રાજ્યભરમાં ખાસ્સી ચગી હતી અને હાલમાં ઘરો ગુમાવનારા પીડિતોની પિટિશન પર હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે.

દરમિયાન આજે હાઈકોર્ટમાં સિંગલ જજ સમક્ષ સુનાવણી દરમિયાન સુરત મહાનગરપાલિકા, સરકાર તરફથી પોતાના પક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં. હાઈકોર્ટે જ્યારે કહ્યું કે એડવોકેટ જનરલની ખાતરી હોવા છતાં અધિકારીઓ મનમાની કેમ કરી રહ્યા છે? તેના જવાબમાં સરકારી વકીલે એવો પક્ષ રજૂ કર્યો હતો કે તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને રિપોર્ટ બની રહ્યો છે, જે એકાદ સપ્તાહ કે ૧૦ દિવસમાં આવી જશે. તો સામે હાઈકોર્ટે તુરંત વેધક સવાલ કર્યો હતો કે તો પછી FIR કેમ કરાઈ નથી? બે ઓફિસરની કમિટી નક્કી ના કરી શકે કે FIR કરવી કે નહીં? સિંગલ જજે કહ્યું કે, છેલ્લા હુકમ ઉપર સ્ટે મૂક્યો એ સમજ્યા, પણ રાજ્યના સર્વોચ્ચ કાયદા અધિકારી, એડવોકેટ જનરલે કોર્ટને ખાતરી આપી હતી. તો શું રાજ્યના સર્વોચ્ચ કાયદા અધિકારીની સલાહ અધિકારીઓ ન માને તેવી પરિસ્થિતિ કેમ સર્જાઈ? આવી પરિસ્થિતિમાં રાજ્યએ શું કરવું જોઈએ? કોર્ટ ઈચ્છે છે કે, રાજ્યના ચીફ સેક્રેટરી આ બાબતને ધ્યાને લે.

હાઈકોર્ટે રજૂ કરેલા વેધક પ્રશ્નો

- શું રાજ્યના સર્વોચ્ચ કાયદા અધિકારીની સલાહ અધિકારીઓ ના માને તે ગ્રાહ્ય રાખી શકાય તેમ છે?
- જે અધિકારીઓએ એડવોકેટ જનરલની સલાહ વિરુધ્ધ કામ કર્યું તેમની સામે શું પગલા લેવાશે?
- આ સિદ્ધાંતોની વાત છે, શું રાજ્યના અધિકારી એવું કહી શકે કે એડવોકેટ જનરલ મને રિપ્રેઝન્ટ કરી રહ્યા છે, પરંતુ તેમની વાત સાથે અધિકારી સહમત નથી.
- શું સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન એવું કહે કે એડવોકેટ જનરલે કહ્યું પણ અમે તેમની સલાહ નહીં માનીએ.
- શું રાજ્ય પણ SMCના જવાબ સાથે સહમત છે કે ભલે ડિમોલિશન ગેરકાનૂની રીતે થયું પણ અસરગ્રસ્તોને વૈકલ્પિક વ્યવસ્થા નહીં આપવામાં આવે? રાજ્યની આવી કોઈ પોલિસી નથી?

સ્ટે મળતા મ્યુનિ. કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેન હાઈકોર્ટમાં હાજર રહ્યા નહીં

નાસિરનગર ડિમોલીશન મુદ્દે હાઈકોર્ટમાં સુરત મહાનગરપાલિકા દ્વારા ઘર ગુમાવનારા અસરગ્રસ્તોને મકાન આપવા મુદ્દે ફરી જવાના વલણને ધ્યાને લેતા સુરત મ્યુનિ. કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને બીજી વખત આજે ૨૭ નવેમ્બરે હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવા સિંગલ જજે હુકમ કર્યો હતો. બંને સામે ક્રિમીનલ કન્ટેમ્પ્ટ કેમ દાખલ ન કરવી તે મુદ્દે પણ સિંગલ જજે જવાબ માગ્યો હતો. ત્યારે સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને સિંગલ જજના હુકમ સામે ડિવિઝન બેન્ચ સમક્ષ અપીલ કરી હતી. જે મુદ્દે ગઈકાલે ૨૬ નવેમ્બરે ડિવિઝન બેન્ચ દ્વારા પોણા ચાર કલાકની લાંબી સુનાવણી બાદ સિંગલ જજના છેલ્લા હુકમ સામે સ્ટે આપવામાં આવ્યો. જેથી સ્ટેન્ડીંગ ચેરમેન અને કમિશનર આજે સુનાવણીમાં હાઈકોર્ટ સમક્ષ હાજર રહ્યા ન હતા.

૭૦ વર્ષીય વૃદ્ધનું કિડનીની બીમારીથી બેભાન થયા બાદ મોત

લસકાણાના વૃદ્ધાશ્રમમાં બે દિવસમાં બે આશ્રિતોનાં મોતથી ચકચાર

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

સુરત શહેરમાં આવેલા લસકાણા વિસ્તારમાં આવેલા શ્રી લોકસેવા મંદબુદ્ધિ વૃદ્ધ આશ્રમમાં બે અલગ-અલગ બનાવોમાં બે આશ્રિતોનાં મોત થતાં ચકચાર મચી ગઈ છે. આશ્રમમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ અને ૪૦ વર્ષીય આધેડની તબિયત અચાનક લથડતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન બંનેનાં મોત નીપજ્યાં હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ આશ્રમમાં રહેતા ૭૦ વર્ષીય જયરામભાઈ રવજીભાઈ કિડનીની બીમારીથી પીડાતા હતા. ગત ૨૫ નવેમ્બરની રાત્રે આશરે ૮ વાગ્યાના અરસામાં

૪૦ વર્ષીય આધેડે પણ સારવાર દરમિયાન દમ તોડ્યો

તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી આશ્રમના કેરટેકર રાજુભાઈ તેમને રાત્રે ૧૧:૨૭ વાગ્યે હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ રાત્રે ૧૧:૩૦ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજા બનાવમાં આશ્રમમાં રહેતા ૪૦ વર્ષીય જયદીપભાઈ હસમુખભાઈ પોપટની તબિયત પણ અચાનક લથડી હતી. ગત ૨૫ નવેમ્બરે સાંજે ૬:૫૪ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

તબીબોએ પ્રાથમિક તપાસ બાદ તેમને વોર્ડમાં દાખલ કરી સારવાર શરૂ કરી હતી. જોકે, બીજા દિવસે એટલે કે ૨૬ નવેમ્બરે સવારે ૧૧:૩૦ વાગ્યે સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. એક જ આશ્રમમાં રહેતા બે વ્યક્તિઓનાં બીમારીના બનાવોમાં ટૂંકા ગાળામાં મોત થતાં આશ્રમમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી માટે મોકલી આપવામાં આવ્યા હતા. બંનેનાં મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

લગ્નની લાલચે યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી રૂ.૧૮.૭૦ લાખની છેતરપિંડી

સુરત, લગ્ન કરવાની લાલચ આપીને યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી તેની પાસેથી અલગ-અલગ સમયે નાણાં અને સોનાના દાગીના મેળવી કુલ રૂ.૧૮.૭૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ગોપીપુરામાં રહેતા યુવક વિરુદ્ધ યુવતીએ અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા દોઢ વર્ષ દરમિયાન આરોપી મિલનભાઈ રામભાઈ સુરતી (રહે. સ્નેહ વાટિકા એપાર્ટમેન્ટ, ગોપીપુરા, અઠવા, સુરત)એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ દરમિયાન આરોપીએ અલગ-અલગ સમયે યુવતીને નાણાંની જરૂરિયાત હોવાનું જણાવી ઓનલાઈન માધ્યમથી રૂ.૧૧.૭૦ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.

ઉપરાંત રૂ.૨ લાખ રોકડા અને ૫૨ ગ્રામ સોનાના દાગીના પણ મેળવી લીધા હતા. સોનાના દાગીનાની હાલની અંદાજિત કિંમત રૂ.૫ લાખ ગણતાં આરોપીએ ઓનલાઈન ટ્રાન્સફર, રોકડ અને દાગીના મળી કુલ રૂ.૧૮.૭૦ લાખ મેળવી લીધા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. આટલી મોટી રકમ અને દાગીના મેળવ્યા બાદ પણ આરોપીએ પરત ન આપતાં યુવતીએ અંતે પોલીસનો સંપર્ક કર્યો હતો.

યુવતીની ફરિયાદના આધારે અડાજણ પોલીસે મિલનભાઈ રામભાઈ સુરતી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પો.સ.ઈ. એન.ડી. પટેલને સોંપી છે. તપાસ દરમિયાન સમગ્ર ઘટનાની વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

ઉધના જીઆરટીસી બસ ડેપો સામે બે દુકાનોમાંથી રૂ.૧૮ હજારનો સામાન ચોરાયો

સુરત, ઉધના વિસ્તારમાં તસ્કરોએ વહેલી સવારે બે દુકાનોને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ઉધના જીઆરટીસી બસ ડેપો સામે આવેલા એસએમસી કોમ્પ્લેક્સની બે દુકાનોમાંથી પ્લમ્બિંગના સામાન સહિત એસીના કોપર પાઇપ અને કેબલ મળી કુલ રૂ.૧૮,૦૬૫ની મત્તાની ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો હતો. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ઉત્તર પ્રદેશના વતની અને હાલ ઉધના વિસ્તારના મદનીનગરમાં રહેતા ૪૦ વર્ષીય રઝ્ઝાખાન રિફાયતુલ્લા પ્લમ્બરનું કામ કરે છે. ઉધના જીઆરટીસી બસ ડેપો સામે આવેલા એસએમસી કોમ્પ્લેક્સમાં તેમની દુકાન આવેલી છે. ગત રોજ વહેલી સવારે ૪થી ૪:૩૦ વાગ્યાના અરસામાં એક અજાણ્યો તસ્કર દુકાનના દરવાજાનો નકુચો કોઈ સાધન વડે ખોલીને અંદર ઘૂસી ગયો હતો.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com

વાપીના ગીતાનગરમાં સ્ટેટ મોનિટરિંગ યુનિટનો જુગારધામ પર દરોડો, ૧૮ ઝડપાયા



બંધ મકાનમાં અંદર-બહારનો જુગાર રમાતો હતો; રોકડ, ૨૦ મોબાઈલ અને ૮ ટુ-વ્હીલર સહિત રૂ. ૧૧.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત, ત્રણ મુખ્ય આરોપી ફરાર

દ્રષ્ટિકોણ-વાપી, તા. ૨૭

વાપીના ગીતાનગર વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ યુનિટ (SMU)એ બંધ મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી અંદર-બહારનો જુગાર રમતા ૧૮ લોકોને ઝડપી લીધા છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૩.૩૧ લાખથી વધુ રોકડ, ૨૦ મોબાઈલ ફોન અને ૮ ટુ-વ્હીલર સહિત કુલ રૂ. ૧૧,૦૨,૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જુગારધારા ઉપરાંત આ કેસમાં BNSની કલમ ૧૧૨(૨) હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. જુગારધામ શરૂ કરાવનારા ત્રણ મુખ્ય આરોપીઓ ફરાર હોવાથી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પોલીસને બાતમી મળી હતી કે ગીતાનગરમાં રામધારી ચક્કીની પાછળ ટાંકી ફળિયામાં શારદા કિરાણા સ્ટોર સામે આવેલા એક મકાનમાં બહારથી લોકોને બોલાવી પૈસા-પાનાથી જુગાર રમાડવામાં આવે છે. આ મકાન અબ્દુલ્લા ઉર્ફે સરફુ જાવેદ ખાનના કબજામાં હોવાનું અને તેણે ઇબ્રાહિમ ઉર્ફે ભુરીયો અકબર ખાન તથા અકીલ મેમણ સાથે મળીને બે દિવસ અગાઉ જુગારધામ શરૂ કર્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.

બંધ મકાનમાં દરોડો પાડવા માટે ADGP (CID ક્રાઈમ), ગાંધીનગર કચેરીમાંથી જુગારધારાની કલમ ૬(૧)(ia) હેઠળ સ્પેશિયલ વોરંટ મેળવવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૬ નવેમ્બરની વહેલી સવારે SMUની ટીમે પંચોને સાથે રાખી ગીતાનગરની સાંકડી ગલીઓમાં દરોડો પાડ્યો હતો. મકાનના રૂમમાં કાળી રેકઝીન પાથરી જુગાર રમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાં એક્કાથી બાદશાહ સુધીના આંકડા અને ચિત્રો ધરાવતો પટ્ટ પણ બનાવવામાં આવ્યો હતો. પોલીસ ત્રાટકતાં રૂમમાં જુગાર રમતા ૧૮ શખસો ઝડપાઈ ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, દરેક દાવ પર રૂ. ૫૦૦ નાળ ઉઘરાવવામાં આવતી હતી. જુગારીઓને બોલાવવા, ચા-પાણી આપવા અને સાફસફાઈ માટે કેટલાક લોકોને રોજના રૂ. ૬૦૦થી રૂ. ૧,૦૦૦ના પગારે રાખવામાં આવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી રૂ. ૩,૩૧,૯૨૦ રોકડા, રૂ. ૩,૮૦,૫૦૦ની કિંમતના ૨૦ મોબાઈલ ફોન અને રૂ. ૩,૯૦,૦૦૦ની કિંમતનાં ૮ ટુ-વ્હીલર કબજે કર્યાં હતાં. રોકડમાં અંગઝડતી, પટ અને નાળની રકમનો સમાવેશ થાય છે. ગંજીપત્તાની કેટ, પટ્ટ અને રેકઝીન સહિત કુલ જપ્ત મુદ્દામાલની કિંમત રૂ. ૧૧,૦૨,૪૨૦ થવા જાય છે. પોલીસના જણાવ્યા મુજબ, અગાઉ પણ જુગારના ગુનાઓ નોંધાયા હોવા છતાં સંગઠિત રીતે આ પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી હતી. આથી જુગારધારા ઉપરાંત ભ્રજીની કલમ ૧૧૨(૨)નો ઉમેરો કરવામાં આવ્યો છે.

ડાંગમાં બોરખલથી લિંગા તરફ જતા માર્ગ નજીક નદીના પ્રવાહ વચ્ચે પાઈપલાઈન ગોઠવાતા વિવાદ



ચોમાસામાં પૂર આવે તો પાઈપલાઈનની મજબૂતી સામે આશંકા, ગુણવત્તા અંગે તપાસની માંગ

દ્રષ્ટિકોણ-ડાંગ : ડાંગ જિલ્લામાં ઉકાઈ પાઈપલાઈન યોજનાની કામગીરીને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. બોરખલથી લિંગા તરફ જતા માર્ગ નજીક નદીમાંથી પાઈપલાઈન ગોઠવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ કામગીરીને લઈને સ્થાનિક લોકોમાં અનેક આશંકાઓ જોવા મળી રહી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડવાથી નદીમાં પાણીનો પ્રવાહ વધશે અને નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આવી પરિસ્થિતિમાં નદીના પ્રવાહ વચ્ચે ગોઠવવામાં આવેલી પાઈપલાઈન પોતાની જગ્યાએ ટકી શકશે કે કેમ તે મોટો પ્રશ્ન છે. જો પાણીના ભારે પ્રવાહને કારણે પાઈપલાઈનને નુકસાન થાય અથવા તે ધોવાઈ જાય તો યોજનાની કામગીરી અને જાહેર નાણાંના ખર્ચ અંગે પણ સવાલો ઊભા થઈ શકે છે. આથી સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે અને પાઈપલાઈન કઈ ટેકનિકલ પદ્ધતિથી ગોઠવવામાં આવી છે, તેની મજબૂતી તથા સલામતી અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ છે. સાથે જ સમગ્ર કામગીરીની ગુણવત્તા અને ટેકનિકલ પાસાઓની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. જો કામગીરીમાં કોઈ ગેરરીતિ, બેદરકારી કે નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું સામે આવે તો જવાબદાર કોન્ટ્રાક્ટર તથા અધિકારીઓ સામે નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહેશે કે સંબંધિત તંત્ર આ ગંભીર સવાલોને કેટલી ગંભીરતાથી લે છે અને ચોમાસા પહેલાં સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરે છે કે નહીં.

ટાઉન પોલીસ, SOG અને નાર્કોટિક્સ વિભાગનું સંયુક્ત ઓપરેશન

નવસારીમાં પહેલીવાર પાનના ગલ્લા અને કોલેજ પાસે યુવાનોના ઓન-ધ-સ્પોટ ડ્રગ્સ ટેસ્ટ



ઓરલ ફ્લુઈડ કીટથી ૧૦ મિનિટમાં લાળના સેમ્પલનો રિપોર્ટ મેળવવાની વ્યવસ્થા

દ્રષ્ટિકોણ-નવસારી: ડ્રગ્સ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત નવસારીમાં પોલીસે નશીલા પદાર્થોનું સેવન કરતા લોકોની ઓળખ માટે નવી પદ્ધતિથી ચેકિંગ શરૂ કર્યું છે. રાજ્યમાં પ્રથમ વખત પાનના ગલ્લા અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ સિગારેટ પીતા તથા શંકાસ્પદ જણાતા યુવાનોના સ્થળ પર જ લાળના સેમ્પલ લઈને ડ્રગ્સ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. નવસારી ટાઉન પોલીસ, SOG અને નાર્કોટિક્સ વિભાગે સંયુક્ત રીતે આ કાર્યવાહી હાથ ધરી હતી.

નવસારીના અગ્રવાલ કોલેજ રોડ પર પોલીસે અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. કોલેજ નજીકના પાનના ગલ્લાઓ પર સિગારેટ પીતા અને શંકાસ્પદ જણાતા યુવાનોને રોકી ઓરલ ફ્લુઈડ કીટ મારફતે તેમના લાળના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ કીટ દ્વારા એમડી ડ્રગ્સ, ગાંજો, ચરસ કે કોકેઈન જેવા નશીલા પદાર્થોનું સેવન થયું છે કે નહીં તેની પ્રાથમિક તપાસનો રિપોર્ટ આશરે ૧૦ મિનિટમાં મળી શકે છે.

અગાઉ ડ્રગ્સ સેવનની તપાસ માટે બ્લડ અથવા યુરિન ટેસ્ટ કરાવવા હોસ્પિટલ જવાની જરૂર પડતી હતી અને તેમાં સમય લાગતો હતો. જોકે, નવી કીટના ઉપયોગથી પોલીસ સ્થળ પર જ સેમ્પલ લઈને પ્રાથમિક તપાસ કરી શકે છે. ટેસ્ટમાં પોઝિટિવ પરિણામ આવે તો આગળની ચકાસણી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નોંધનીય છે કે એક અઠવાડિયા પહેલાં નવસારીમાંથી દોઢ કરોડ રૂપિયાથી વધુ કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતું. અગાઉ શહેરના કેટલાક હાઈપ્રોફાઈલ યુવાનો ડ્રગ્સનું સેવન કરતા હોવાની ફરિયાદો પણ સામે આવી હતી. પોલીસના મતે યુવાધનને નશાથી દૂર રાખવા માત્ર ડ્રગ્સની સપ્લાય ચેઈન તોડવી પૂરતી નથી, પરંતુ નશીલા પદાર્થોનો ઉપયોગ કરતા લોકો સુધી પણ પહોંચવું જરૂરી છે. પોલીસની આ કાર્યવાહીથી ડ્રગ્સના સપ્લાયરો અને નશીલા પદાર્થોનું સેવન કરતા શંકાસ્પદ તત્વોમાં ચિંતા ફેલાઈ છે. ટેસ્ટમાં પોઝિટિવ પરિણામ આવે તો તેની પુષ્ટિ માટે જરૂરી તપાસ કર્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ સંબંધિત વ્યક્તિ ડ્રગ્સ ક્યાંથી લાવી હતી તેની કડી સુધી પહોંચવાનો પણ પોલીસ પ્રયાસ કરશે.

અંકલાછમાં ખેરનાં વૃક્ષો કાપવાના પ્રકરણમાં ગ્રામ પંચાયતની ભૂમિકા પણ શંકાના ઘેરામાં

પંચાયતની મંજૂરીથી વૃક્ષો કપાયાં હોવાની ગામમાં ચર્ચા, વન વિભાગની મંજૂરી વિના ઠરાવ કરાયો હોય તો જવાબદારો સામે કાર્યવાહી ક્યારે? મામલતદારને ફરિયાદ છતાં પંચાયતના સંચાલકો સામે પગલાં નહીં લેવાયાનો આક્ષેપ

દ્રષ્ટિકોણ-વાંસદા : નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના અંકલાછ ગામે ખેરનાં વૃક્ષો કાપવાના પ્રકરણમાં હવે ગ્રામ પંચાયતની ભૂમિકા પણ તપાસના દાયરામાં લાવવાની માગ ઊઠી છે. ખાનગી સંયુક્ત માલિકીની જમીન અને શીર પડતરની જમીનમાંથી ત્રણ ખેરનાં વૃક્ષો કાપી નાખવાના આક્ષેપ સાથે ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ થયા બાદ હવે આ વૃક્ષો કાપવા પાછળ ગ્રામ પંચાયતની મંજૂરી અને ઠરાવની ચર્ચાએ સમગ્ર મામલાને નવો વળાંક આપ્યો છે. ગામમાં એવી ચર્ચા ચાલી રહી છે કે કાપવામાં આવેલાં ખેરનાં વૃક્ષો ગ્રામ પંચાયતની મંજૂરીથી કાપવામાં આવ્યાં હતાં અને આ અંગે પંચાયતમાં ઠરાવ પણ કરવામાં આવ્યો હતો. જો આ ચર્ચા સાચી હોય તો સવાલ એ ઊભો થાય છે કે વન વિભાગની જરૂરી મંજૂરી મેળવવામાં આવી હતી કે કેમ? માત્ર ગ્રામ પંચાયતનો ઠરાવ કરીને વૃક્ષો કાપવાની મંજૂરી આપી શકાય કે નહીં તેની પણ તપાસ થવી જરૂરી છે.

ફરિયાદી દ્વારા અગાઉ આ સમગ્ર મામલે મામલતદાર સમક્ષ પણ ફરિયાદ કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. તેમ છતાં અત્યાર સુધી ગ્રામ પંચાયતના જવાબદાર સંચાલકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેવો આક્ષેપ ફરિયાદી પક્ષે કર્યો છે.

વૃક્ષો કાપનાર વ્યક્તિઓ સામે ફરિયાદ થાય, પરંતુ જે સંસ્થા દ્વારા મંજૂરી આપવામાં આવી હોવાની ચર્ચા છે તેની ભૂમિકા તપાસવામાં ન આવે તો કાર્યવાહી અધૂરી રહેવાની આશંકા છે.

સમગ્ર પ્રકરણમાં માત્ર વૃક્ષો કાપનાર ચાર વ્યક્તિઓ પૂરતી તપાસ સીમિત રાખવાને બદલે ગ્રામ પંચાયતનો ઠરાવ, ઠરાવની તારીખ, મંજૂરી આપનાર જવાબદાર પદાધિકારીઓ, વન વિભાગની મંજૂરી અને કાપવામાં આવેલાં લાકડાંના વેચાણની વિગતોની પણ તપાસ થવી જોઈએ. જો વન વિભાગની મંજૂરી વિના વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવી હોવાનું સાબિત થાય તો તેમાં સંડોવાયેલા પંચાયતના જવાબદાર લોકો સામે પણ કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

હવે મામલતદાર અને વન વિભાગના અધિકારીઓ આ મામલે ક્યારે તપાસ હાથ ધરે છે અને પંચાયતના જવાબદારોની ભૂમિકા અંગે શું કાર્યવાહી કરે છે તેના પર ગ્રામજનોની નજર મંડાઈ છે.

મોટાપોંઢા-કપરાડામાં ક્વોરીઓ સામે ગ્રામજનોનો મોરચો

બ્લાસ્ટિંગથી મકાનોમાં તિરાડો, પાણી-ખેતી અને આરોગ્યને જોખમ: મંજૂરી-લીઝ રદ કરી ક્વોરીઓ કાયમી બંધ કરવાની ઉગ્ર માંગ



દ્રષ્ટિકોણ-નાનાપોંઢા, વલસાડ

નાનાપોંઢા અને કપરાડા વિસ્તારમાં આવેલી ક્વોરીઓના બેફામ બ્લાસ્ટિંગ અને ખનન સામે ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મોટાપોંઢા ગામના ઝરા ફળિયા, કાકડકોપર ગામના કુંગરી ફળિયા બોર્ડર સહિતની ક્વોરીઓ સામે ગ્રામજનોએ નાનાપોંઢા મામલતદારને આવેદનપત્ર પાઠવી તંત્રને કડક કાર્યવાહી કરવા માગ કરી છે. ગેરરીતિ અને નુકસાનની ફરિયાદો ધરાવતી ક્વોરીઓની મંજૂરી તથા ખનિજ લીઝ રદ કરી કાયમી બંધ કરવાની માંગ ઉઠી છે.

ગ્રામજનોના આક્ષેપ મુજબ, ક્વોરીઓમાં થતા ધડાકાભેર બ્લાસ્ટિંગથી આસપાસનાં ગામોના મકાનોમાં તિરાડો પડી રહી છે. કાકડકોપરનાં અંદાજે ૨૨૦, મોટાપોંઢાનાં ૭૦ અને અંભેટીનાં આશરે ૩૦ મકાનોને નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ૨૫ જૂન ૨૦૨૬ના રોજ થયેલા ભારે બ્લાસ્ટિંગ અંગે પણ ફરિયાદ કરવામાં આવી છે. અસરગ્રસ્ત મકાનોનું સરકારી અધિકારીઓ દ્વારા પંચનામું કરી વળતર ચૂકવવાની માંગ છે.

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ કુંજાલીબેન પટેલે જણાવ્યું હતું કે, અંભેટી વિસ્તારમાં ૩૦થી વધુ ગરીબ આદિવાસી પરિવારોનાં ઘરોની નજીક ધડાકાભેર બ્લાસ્ટિંગ કરવામાં આવે છે. ધડાકાના અવાજથી લોકો ભયભીત બને છે અને તેમના આરોગ્ય સાથે પણ ચેડાં થઈ રહ્યાં હોવાની ચિંતા છે. ગરીબોના ઘર અને જીવનની સુરક્ષા કરતાં ક્વોરી સંચાલકોનો આર્થિક લાભ મોટો ન હોઈ શકે.

કોંગ્રેસના આગેવાન બાબુભાઈ વર્થાએ જણાવ્યું હતું કે, મજૂરી કરીને જીવન ગુજારતા આદિવાસી પરિવારો ક્વોરીઓના કારણે મુશ્કેલીમાં મુકાયા છે. પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી નજીક હોવા છતાં બ્લાસ્ટિંગ ચાલુ રહેવું ગંભીર બાબત છે. પાણીની નહેર વારંવાર તૂટવા અને ઊંડા ખોદકામમાં પશુઓના ભોગ બનવાના બનાવો અંગે પણ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. ગ્રામજનોએ બોરવેલ, ખેતી, જળસ્રોતો અને દમણગંગા યોજનાની સુરક્ષા, ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી તથા રસ્તાઓનું સમારકામ કરવાની માંગ કરી છે. જીપીસીબી દ્વારા પ્રદૂષણની તપાસ, બ્લાસ્ટિંગ લાઇસન્સ, પર્યાવરણ મંજૂરી, રોયલ્ટી અને માઇનિંગ પ્લાનની ચકાસણી કરવાની રજૂઆત કરી છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી જોખમરૂપ ક્વોરીઓની કામગીરી અટકાવી ગેરરીતિ સાબિત થાય તો કાયમી બંધ કરવાની માંગ સાથે આવેદનપત્રની નકલ જિલ્લા કલેક્ટર સહિત અધિકારીઓને મોકલવામાં આવી છે.



બીલીમોરામાં રાજ્ય મંત્રી જયરામભાઈ ગામીતે સંગઠનાત્મક બેઠક યોજી



મહાપુરુષને પુષ્પાંજલિ, સોમનાથ મહાદેવના દર્શન બાદ સંગઠનાત્મક બેઠક યોજી; કાર્યકર્તાઓ સાથે જનસંપર્ક અને સરકારી યોજનાઓની પહોંચ અંગે ચર્ચા

દ્રષ્ટિકોણ- બીલીમોરા, તા.૨૭

ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી જયરામભાઈ ગામીતના ૧૭૬-ગણદેવી વિધાનસભા મતવિસ્તારના ૭૨ કલાકના પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત બીલીમોરા ખાતે જનસંવાદ અને સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ દરમિયાન તેમણે કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ સાધી સંગઠનની કામગીરીની સમીક્ષા કરી હતી.

મંત્રી જયરામભાઈ ગામીતે બીલીમોરા ખાતે મહાપુરુષની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સોમનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન-પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સોમનાથ મંદિરના રોટરી હોલ ખાતે મંડળ પ્રભારી, ક્લસ્ટર પ્રભારી, મંડળ પ્રમુખો અને મહામંત્રીઓ સાથે સંગઠનાત્મક સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંગઠનની કામગીરી, જનસંપર્ક અભિયાન તેમજ સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય મંત્રીએ કાર્યકર્તાઓને સંગઠનની પાયાની મજબૂતી વધારવા, લોકો સાથે સતત સંપર્ક જાળવી રાખવા અને સેવાભાવના અભિગમ સાથે નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, મહામંત્રી જીગરભાઈ દેસાઈ, શાંતિલાલભાઈ, નિરવ ટેલર, શૈલેષ હળપતિ, ડો. હાર્દિક વૈદ્ય, મયંકભાઈ પટેલ, લિતેશ ગાવિત, નટુભાઈ પટેલ, વિજય પટેલ, હર્ષિલ નાયક, પ્રવીણ ઉર્ફે ભોજાભાઈ પટેલ, પુષ્પાબેન પટેલ, ભરત હળપતિ સહિત સંગઠનના અગ્રણી હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક એડિટોરિયલ

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Saturday, 28 November-2026
શનિવાર, તા.૨૮/૧૧/૨૦૨૬

આજનું રાશિફળ

મેષ

આવતીકાલે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં નવી જવાબદારી મળી શકે છે. જૂના અટકેલા કામ આગળ વધશે.

વૃષભ

આવતીકાલનો દિવસ તમારા માટે પ્રગતિના સંકેતો લઈને આવી શકે છે. વેપારમાં નવી તક મળશે. નોકરીમાં તમારા કામની નોંધ લેવાશે.

મિથુન

આવતીકાલે કોઈ મહત્વપૂર્ણ સમાચાર મળી શકે છે. તમારી વાણી અને સમજદારીથી મુશ્કેલ કામ સરળ બનશે.

કર્ક

આવતીકાલે ભાવનાત્મક રીતે સંતુલિત રહેવાની જરૂર છે. નોકરીમાં મહેનતનું સારું પરિણામ મળી શકે છે.

સિંહ

આવતીકાલે આત્મવિશ્વાસ અને ઉત્સાહથી ભરેલો દિવસ રહી શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી પ્રતિભા દર્શાવવાની તક મળશે.

કન્યા

આવતીકાલે આયોજનપૂર્વક કરેલા કામમાં સફળતા મળવાની શક્યતા છે. નોકરીમાં જવાબદારી વધશે. વેપારમાં લેવડદેવડ સ્પષ્ટ રાખવી.

તુલા

આવતીકાલે સંબંધો અને વ્યવસાયિક બાબતોમાં સંતુલન જાળવવાનો દિવસ છે. કોઈ નવી તક તમારા માટે આશાસ્પદ બની શકે. નોકરીમાં સહકર્મીઓનો સહયોગ મળશે.

વૃશ્ચિક

આવતીકાલે ધીરજ અને સમજદારી તમારી સૌથી મોટી શક્તિ રહેશે. કોઈ જૂની સમસ્યાનો ઉકેલ મળી શકે. વેપારમાં સાવચેતીપૂર્વક આગળ વધવું. નાણાકીય બાબતોમાં લાભની શક્યતા છે.

ધન

આવતીકાલે નવી દિશામાં આગળ વધવાની પ્રેરણા મળશે. નોકરી કે વ્યવસાયમાં નવી યોજના શરૂ કરવાની તક મળી શકે. મુસાફરીના યોગ બની શકે.

મકર

આવતીકાલે મહેનત અને ધીરજથી સફળતા મેળવવાનો દિવસ રહેશે. કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રશંસા થઈ શકે.

કુંભ

આવતીકાલે સર્જનાત્મક વિચારો અને નવી યોજનાઓનો લાભ મળી શકે. નોકરીમાં પ્રગતિની તક મળશે.

મીન

આવતીકાલે મનમાં નવી આશા અને ઉત્સાહ રહેશે. કાર્યક્ષેત્રમાં સકારાત્મક ફેરફાર થઈ શકે.

આજનો મજેદાર જોક્સ

- કંજૂસ માણસ
- મિત્રઃ તું એટલો કંજૂસ કેમ છે?
- કંજૂસઃ હું કંજૂસ નથી, પૈસાને સાચવવાની જવાબદારી મારી છે.
- મિત્રઃ અને પૈસા તને શું કહે છે?
- કંજૂસઃ કહે છે, અમને તારા હાથથી દૂર જ રાખજે!

આજનું પંચાંગ

શનિવાર, ૨૮ નવેમ્બર ૨૦૨૬ । સુરત, ગુજરાત

વિક્રમ સંવત	૨૦૮૩
શક સંવત	૧૯૪૮
માસકારતક વદ	
પક્ષકૃષ્ણ પક્ષ	
પંચાંગ	વિગત
વાર	શનિવાર
	તિથિ કારતક વદ પાંચમ, રાત્રે ૩:૫૭ વાગ્યા સુધી (૨૯ નવેમ્બર), ત્યારબાદ છઠ્ઠ
નક્ષત્ર	પુનર્વસુ બપોરે ૧૨:૫૦ સુધી, ત્યારબાદ પુષ્ય
યોગ	શુક્લ યોગ રાત્રે ૮:૧૭ સુધી, ત્યારબાદ બ્રહ્મ યોગ
કરણ	કૌલવ સાંજે ૫:૧૫ સુધી, ત્યારબાદ તૈતિલ
ચંદ્ર રાશિ	સવારે ૭:૨૨ સુધી મિથુન, ત્યારબાદ કર્ક
સૂર્ય રાશિ	વૃશ્ચિક
સૂર્યોદય	સવારે ૬:૫૭ વાગ્યે
સૂર્યાસ્ત	સાંજે ૫:૫૫ વાગ્યે
ચંદ્રોદય	રાત્રે ૯:૫૭ વાગ્યે
ચંદ્રાસ્ત	સવારે ૧૦:૪૨ વાગ્યે
શુભ અને અશુભ સમય	
સમય મુહૂર્ત	
બ્રહ્મ મુહૂર્ત સવારે	૫:૧૩ થી ૬:૦૫
અભિજિત મુહૂર્ત	બપોરે ૧૨:૦૪ થી ૧૨:૪૮
શુભ ચોઘડિયું	સવારે ૮:૧૯ થી ૯:૪૧
લાભ ચોઘડિયું	બપોરે ૧:૪૮ થી ૩:૧૧
અમૃત ચોઘડિયું	બપોરે ૩:૧૧ થી ૪:૩૩
રાહુકાળ	સવારે ૯:૪૧ થી ૧૧:૦૪
યમગંડ	બપોરે ૧:૪૮ થી ૩:૧૧
ગુલિક કાળ	સવારે ૬:૫૭ થી ૮:૧૯

આજનો સુવિચાર

"મૌન એ નબળાઈ નથી, ઘણી વખત એ સમજદારીનો સૌથી શક્તિશાળી જવાબ હોય છે."

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો

96876 77873

90160 19491

જીએસટીનું વૈચિત્ર્યમ

મુજફ્ફરનગર મેરઠ માં, દવાઓના ડિસ્ટ્રીબ્યુટર ને, માત્ર રૂ. ૨ ની ભૂલ માટે, જીએસટી વિભાગ, ગત ૪ વર્ષથી નોટિસો મોકલ્યા કરે છે, જેનો, હજી કોઈ ઉકેલ આવતો નથી. આવોજ કિસ્સો, એક વિદેશી કંપની "મસ્ક" ની ઓફિસ અને વ્યાપાર ભારતમાં છે. કંપનીમાં, એક કર્મચારી, નોકરી કરે છે. કંપનીએ, કર્મચારીને કંપનીના ટેક્ષ બાબતે પાવર ઓફ એટર્ની આપી હતી. જેના પર જીએસટી વિભાગે, વ્યક્તિગત, બહુ ભારે દંડ, રૂ. ૩૭૩૧ કરોડની નોટિસ ફટકારી છે. કર્મચારી, કંપનીના ટેક્ષ બાબતે, કંપનીનું પ્રતિનિધિત્વ, કે, હવાલો સંભાળતો હતો. zTZGGI, ડાયરેક્ટર જનરલ ઓફ જીએસટી ઈન્વેસ્ટિગેશનની, ઓફિસ કંપનીના જીએસટી બાબતે, તપાસ કરી રહી છે. કર્મચારી, તપાસમાં, માગેલા દસ્તાવજો, સ્ટેટમેન્ટ આપી જીએસટી અધિકારીઓને, સહકાર આપતો હતો. તપાસના નિષ્કર્ષ રૂપે, zTZGGI માને છે, કે, કંપની કરચોરી કરે છે અને કર્મચારી કંપનીના લાભો જાળવી રાખતો અને કરચોરીમાં કંપનીને, સાથ આપતો હતો એવું તારણ કાઢયું.

જીએસટી વિભાગની નોટિસ મુજબ, કર્મચારી કંપનીના લાભ જાળવી રાખી, કંપનીના કરચોરીમાં સાથ આપે સહભાગી થયો, એટલે તે વ્યક્તિગત દંડ માટે જબાબદર છે. બીજા મુદ્દામા બોમ્બે હાયકોર્ટે જીએસટીના દલીલપર કહ્યું. zTZGGIના તપાસમાં તપાસ કરતાં અધિકારીને કર્મચારીએ દસ્તવેજો રજૂ કર્યા

૧ લી જાનુઆરી ૨૦૨૧ થી કલમ ૧૨૨(૧)ટ્વ ની જોગવાઈઓનું અમલ થયો છે. તેથી zTZGGI એ, જીએસટી કાયદાની ની કલમ ૧૨૨(૧), સાથે, કલમ ૧૩૭ હેઠળ, વ્યક્તિગત દંડ, ૩૭૩૧ કરોડની નોટિસ આપી. કરચોરી જેટલી રકમનો દંડ, કલમ ૧૨૨(૧) જોગવાઈ હેઠળ વસૂલવામાં આવે છે. પણ, આવો કેસ પહેલો નથી, જીએસટી વિભાગ દ્વારા, ટેક્ષ બાબતો સંભાળતા કર્મચારીઓ ને, નોટિસો મળ્યા કરે છે. zTZGGI ને, નોટિસનો જવાબ આપવાના બદલે, કર્મચારીએ હાય કોર્ટમાં, રીટ પિટિશન દાખલ કરી.

નોટિસ મુજબ, કલમ ૧૨૨(૧) ની જોગવાઈ મુજબ, ૨૧ અપરાધ માટે, કોઈપણ વ્યક્તિ, જે, કંપની વતી સહી કરે છે, તે, જબાબદાર છે. પહેલા મુદ્દામાં, સદર રીટ પિટિશનમાં બોમ્બે હાય કોર્ટે, જીએસટી વિભાગની કર્મચારી ને રૂ. ૩૭૩૧ કરોડના વ્યક્તિગત ભારે ભરખમ દંડની નોટિસને બાજુપર મુકીદીધી, એટલે રદ કરી. બોમ્બે હાય કોર્ટે દંડ બાબતે, જીએસટી વિભાગને કહ્યું, તમે પોતાના કાર્યક્ષેત્ર બહાર જઈને નોટીસ આપી છે.

હાલ કોર્ટે કીધું કલમ ૧૨૨(૧) માં, આપેલ ૨૧ અપરાધ કે ગુન્હા માટે, ફક્ત નોંધાયેલ કર પાત્ર વ્યક્તિને દોષીત ઠેરવી શકાય, નહિ કે, કોઈ પણ વ્યક્તિ. કમ્પનીનો કર્મચારી, નોંધાયેલ કરપાત્ર વ્યક્તિ નથી, તેથી, કર્મચારી ને દંડાય નહીં. કારણ કર્મચારી જીએસટી કાયદાની કલમ ૨૨ અથવા કલમ ૨૪ ની જોગવાઈ મુજબ, નોંધાયેલ નથી અને નોંધણી પાત્ર પણ નથી. કલમ ૨(૯૪) મુજબ કર્મચારીને કરપાત્ર ઠેરવી શકાય નહી.જીએસટી વિભાગની નોટિસ મુજબ, કર્મચારી કંપનીના લાભ જાળવી રાખી, કંપનીના કરચોરીમાં સાથ આપે સહભાગી થયો, એટલે તે વ્યક્તિગત દંડ માટે જબાબદર છે. બીજા મુદ્દામા બોમ્બે હાયકોર્ટે જીએસટીના દલીલપર કહ્યું. zTZGGIના તપાસમાં તપાસ કરતાં અધિકારીને કર્મચારીએ દસ્તવેજો રજૂ કર્યા, સ્ટેટમેન્ટ આપ્યા, તેથી નહિ કહી શકાય, કે, એને કંપનીને કરચોરીમાં ભાગ ભજવ્યો મદદ કરી છે. જીએસટી વિભાગે કોઈ પણ દસ્તવેજોમાં પુરવાર કરેલ નથી કે કંપનીના કરચોરીમાં રૂ. ૩૭૩૧ કરોડના કરચોરીમાં કર્મચારી સંડોવાયેલ છે. જીએસટી વિભાગે પોતાના આરોપ પુરવાર કર્યા વગર કર્મચારીને દંડ કરી શકાય નહિ.જીએસટી વિભાગે, દંડની નોટિસમાં, કલમ ૧૩૭ નો પણ ઉલ્લેખ કરેલ છે. જીએસટી કાયદાની કલમ ૭૪ મુજબ વેરો ચૂકવ્યો નથી, અથવા ઓછો ચૂકવ્યો, અથવા વેરા શાખ, ખોટી રીતે લીધેલ છે અથવા ખોટી રીતે વાપરેલ છે, અથવા ભૂલથી રિફંડ મળવેલ છે. પણ આવું છે નહિ, તેથી નોટિસ કાર્યક્ષેત્ર બાહર છે. સામાન્યતા જીએસટી વિભાગ, વેરો ચૂકવ્યો નહિ, ઓછો ચૂકવ્યો, વેરા શાખ ખોટી લીધી, કે, વાપરી ખોટી, ખોટો રિફંડ મેળવ્યો આવા કારણો માટે કંપનીને નોટિસ આપે પણ, કર્મચારીને નથી આપતુ. ઘણી વખત જીએસટી વિભાગ દલીલ કરે છે, કંપની જવાબો આપવા આવતી નથી, એના કર્મચારી જે, જીએસટી બાબત સાંભળે છે, બાબતે પાવર ઓફ એટર્ની હોય, તો, તેનેજ દોશી માનવામાં આવે છે. સદર પીટીશનમાં પણ કર્મચારી કોર્ટમાં આવે, તેના કરતાં, કોર્ટમાં આપેલ દલીલ જીએસટી વિભાગમાં પણ આપી શક્યો હોત. તેમ છતાં નોટિસમાં જણાવેલ જીએસટી વિભાગના કર્યક્ષેત્રની બાહર છે તેથી વિભાગમાજ દલીલ કરવી ન્યાય મળશે નહિ.

વિદ્યાર્થીઓને રોમાંચિત કરતો શબ્દ એટલે વેકેશન

વિદ્યાર્થીનું જીવન પરીક્ષાની તૈયારી, પરીક્ષણો અને હોમવર્કની આસપાસ ફરે છે. તેથી, આનો અર્થ એ છે કે વધુ વખત તે ફક્ત અભ્યાસની આસપાસ જ ફરે છે. તેઓ કોચિંગ સેન્ટરો કરતાં શાળાએ જાય છે અને પછી ઘરે જાય છે. આમ, વિદ્યાર્થીઓ માટે અન્ય પ્રવૃત્તિઓ કરવા માટે ભાગ્યે જ કોઈ સમય બચે છે, ખાસ કરીને જ્યારે તે/તેણી ઉચ્ચ વર્ગમાં અભ્યાસ કરી રહ્યા હોય. તેથી, જ્યારે રવિવાર આવે છે, ત્યારે તે રાહતની લાગણી અનુભવે છે પરંતુ વધુ વખત સોમવાર માટે કેટલાક પરીક્ષણોનું આયોજન કરવામાં આવે છે. તેથી, વિદ્યાર્થી અભ્યાસના બોજમાં ફસાઈ જવાની લાગણી વિકસાવવા લાગે છે. તેથી, વેકેશન શબ્દ વિદ્યાર્થીઓને રોમાંચિત કરી દે છે. ખરેખર આ સમય વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ અને તેનામાં રહેલી નેતૃત્વની ક્ષમતા કેળવવાનો સમય છે. આજની વાસ્તવિકતા પણ એ છે કે કેટલીક સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલો વેકેશનમાં પણ તેમના ક્લાસ ચાલુ રાખી અને વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા માટે અભ્યાસક્રમ ચાલુ કરી દે છે અને વિદ્યાર્થીઓનું વેકેશન છીનવી લે છે. આવી સ્કૂલોના મેનેજમેન્ટ કરતા લોકોને વિદ્યાર્થીઓના સાયકોલોજીની ખબર પણ હોતી નથી તેઓ ફક્ત ધંધાદારી માનસિકતાથી જ વિચારતા હોય છે. જેથી વિદ્યાર્થીમાં પોતાની ક્ષમતા કેળવવા માટે સમય મળતો નથી અને આવા વિદ્યાર્થીઓનો આગળ જતા સર્વાંગી વિકાસ ચોક્કસ અટકે એ નિશ્ચિત છે. આવી ધંધાદારી સ્કૂલો પોતાની વર્તણુક ક્ષ બદલવા તૈયાર હોતી નથી કારણ કે બાળકોના માતા-પિતા પણ બાળકને ભણાવવા માટે વેકેશનનો ભોગ આપવા તૈયાર થઈ જાય છે અને આવી સ્કૂલો પોતાને આદર્શ ગણે છે અને અમે વેકેશનમાં પણ સ્કૂલ ચાલુ રાખે છે તેનું ગૌરવ અનુભવે છે. આ પરિસ્થિતિ મોટાભાગે શેરોમાં આજના દિવસોમાં નિર્માણ પામી છે જેની જાણ શિક્ષણ વિભાગમાં પણ હોય છે છતાં તેઓ આંખ આડા કાન કરે છે, છેવટે વિદ્યાર્થી તેનો ભોગ બને છે. આવી પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીને માં રહેલી વિકાસની તકો ઘણી મર્યાદિત થઈ જતી હોય છે. આ એક સાચી વાસ્તવિકતા છે.

રજાઓ એ સમય છે જે દરમિયાન વિદ્યાર્થી આખરે વિરામ લઈ શકે છે. કારણ કે સામાન્ય રીતે, વિદ્યાર્થીઓને કામની વ્યસ્ત દિનચર્યા હોય છે. આમ, તેઓ તેમની રુચિઓ અથવા શોખને અનુસરી શકતા નથી. તેથી, તેઓ રજાઓ દરમિયાન તેમની રુચિઓ અને શોખને અનુસરવા માટે સમય મેળવી શકે છે. ધારો કે વિદ્યાર્થીને કલા અને હસ્તકલા પસંદ છે અને તેથી તે વિવિધ કલા અને હસ્તકલાના વર્ગોમાં જોડાવાનું નક્કી કરે છે. કેટલાક તેમની જરૂરિયાતો અને રુચિઓના આધારે વિવિધ વર્ગોમાં જોડાઈ શકે છે. જેમ કે કેટલાક ડાન્સ ક્લાસમાં જોડાશે, અન્ય ઈન્સ્ટ્રુમેન્ટ ક્લાસમાં જોડાઈ શકે છે, જ્યારે અન્ય સ્વિમિંગ, સ્કેટિંગ વગેરે જેવી રમતોમાં જોડાઈ શકે છે.

ઉપરાંત, રજાઓ એ સમય છે જ્યારે વિદ્યાર્થીઓ તેમના મિત્રો અને સંબંધીઓ સાથે સામાજિકતા મેળવી શકે છે. ઉપરાંત, જો કોઈને પરિવાર સાથે તેમનો સમય વિતાવવાનું પસંદ હોય તો તે વેકેશન દરમિયાન પ્રવાસનું આયોજન કરી શકે છે. વધુમાં, કેટલાક વિદ્યાર્થીઓ સમયાંતરે એક વખત દિવસ પસાર કરવા માટે તેમના મિત્રના સ્થાને જઈ શકે છે.

સૌથી અગત્યનું, રજાઓ એ સમય છે જ્યારે વ્યક્તિ આરામ કરી શકે છે અને સમજી શકે છે કે તે/તેણી તેમની કુશળતા કેવી રીતે સુધારે છે. આ અન્ય પ્રવૃત્તિઓ સાથે પરીક્ષા દરમિયાન મદદરૂપ થઈ શકે છે. આમ, વેકેશન દરમિયાન જો તમે ૧૦ કે બારના બોર્ડમાં હોય તો તમારા અભ્યાસ સંબંધિત કામ કરવા માટે દરરોજ ૨-૩ કલાક આપવાનું સુનિશ્ચિત કરો.

તમારી રજાઓમાં સૌથી વધુ આનંદ માણવા માટેની કેટલીક ટીપ્સ છે:

તમારી રુચિઓ અને શોખને અનુસરો. હોબી ક્લાસમાં જોડાવું અને તમારી જાતને કેટલીક પ્રવૃત્તિમાં સામેલ કરવાનો એક સરસ વિચાર છે. તે સ્વિમિંગ, યોગ, નૃત્ય, પેઇન્ટિંગ અથવા સંગીત હોઈ શકે છે. તમે શીખવાનું શરૂ કરવા માટે ટૂંકા અભ્યાસક્રમ પસંદ કરો. આ પ્રકારના અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકાસ માટે ખૂબ જરૂરી છે. તેમજ તેના કારણે તેમનામાં રોજિંદા જીવનમાં અભ્યાસ દરમિયાન થતા તણાવમાં પણ ઘટાડો કરે છે. રજાઓ એ તમારા અભ્યાસમાંથી વિરામ લેવાનો સમય ન હોવો જોઈએ. તેના બદલે તમારે આ દિવસોનો ઉપયોગ ઘણી મહત્વપૂર્ણ બાબતોમાં સુધારો કરવા માટે કરવો જોઈએ.

સામાન્ય દિવસોમાં તમને તમારા મિત્રો અને સંબંધીઓ સાથે મળવા માટે વધુ સમય મળતો નથી. આમ, તમે વેકેશનનો ઉપયોગ તમારા મિત્રો અને સગા સંબંધીઓને મળી સામાજિકતા કેળવવા માટે પણ કરી શકો છો. ઉપરાંત, તમે તમારા રોજિંદા જીવનમાંથી તમારા પરિવાર અથવા મિત્રો સાથે પ્રવાસનું આયોજન કરી શકો છો. ઉનાળા અથવા શિયાળાની રજાઓમાં હંમેશા એક પ્રવાસ પર જવાનો પ્રયાસ કરો. આવા પ્રવાસ તમને તમારામાં રહેલી કાર્યક્ષમતા, નેતૃત્વના ગુણો અને ટીમ વર્ક શીખવશે જે જીવનમાં ખૂબ ઉપયોગી થાય છે.

માનવ ધર્મ સર્વોપરિઃ એક વિદેશીને અપરાધી સમજીને જ્યારે રાજાએ ફાંસીની સજાનો હુકમ સંભળાવ્યો તો તેણે અપશબ્દ કહેતાં રાજાના વિનાશની કામના કરી. રાજાનો એક મંત્રી હતો, જે ઘણી ભાષાનો જાણકાર હતો, તેને રાજાએ પૂછ્યું, 'આ શું કહી રહ્યો છે?' મંત્રીએ તો વિદેશીની ગાળો સાંભળી હતી, પરંતુ તેણે કહ્યું, 'મહારાજ, આ વિદેશી તમને દુઆઓ આપતાં કહે છે કે તમે હજાર વર્ષ સુધી જીવો.' રાજા આ સાંભળી બહુ ખુશ થયા, પરંતુ બીજો એક મંત્રી જે આ પહેલા મંત્રીની ઈર્ષ્યા કરતો હતો.

બંધારણ-લોકતંત્રના ખાત્માનો હાઉ

રાહુલ ગાંધી હવે એના પર વધારે ભાર મૂકી રહ્યા છે કે જો મોદી સરકાર સત્તામાં આવી તો લોકતંત્ર જ ખતમ થઈ જશે અને બંધારણ પણ નહીં બચે! તેઓ પોતાની સભાઓમાં વારંવાર કહી રહ્યા છેકે આ વખતની લોકસભા ચૂંટણી લોકતંત્ર અને બંધારણ બચાવવા માટે છે. લોકતંત્ર અને બંધારણ ખતરામાં હોવાના આરોપો પર વડાપ્રધાને યોગ્ય જ સવાલ કર્યો કે શું જ્યારે દેશમાં કટોકટી લાદવામાં આવી હતી ત્યારે લોકતંત્ર ખતરામાં નહોતું આવ્યું? તેમણે કોંગ્રેસને એ પણ પ્રશ્ન કર્યો કે જો બંધારણની કલમ ૩૭૦ એટલી જ સારી હતી તો તેને આખા દેશમાં કેમ લાગુ ન કરી? કોંગ્રેસ પાસે કદાચ જ આ પ્રશ્નોનો જવાબ હોય.

૧૯૪૭માં જ્યારે ભારતને આઝાદી મળી અને બંધારણ સભાની રચના થઈ તો તેના ૨૯૯માંથી ૨૦૮ સદસ્યો કોંગ્રેસના હતા. આ સમિતિમાં હિંદુ મહાસભા તરફથી પ્રમુખ નેતા શ્યામાપ્રસાદ મુખર્જી હતા, જેમણે બાદમાં જનસંઘની સ્થાપના કરી, જેણે ૧૯૮૦માં ભાજપનું રૂપ લીધું. બંધારણ સભામાં કલમ ૩૭૦નો વિરોધ કેટલાય નેતાઓએ કર્યો, તેમાં ડો.આંબેડકર પણ સામેલ હતા. બંધારણમાં કેટલાંય સંશોધનો તેના લાગુ થયાના એક વર્ષની અંદર જ કરવામાં આવ્યાં હતાં, જેમાંથી એક અભિવ્યક્તિની સ્વતંત્રતા સીમિત કરનારું સંશોધન પણ હતું. એ વિચિત્ર છે કે આજે કોંગ્રેસ જ અભિવ્યક્તિની સ્વતંત્રતા ખતરામાં હોવાની સૌથી વધુ બૂમરાણ મચાવી રહી છે. જ્યારે બંધારણમાં રાજ્ય સરકારોને બરખાસ્ત કરવા સંબંધી કલમ ૩૫૬ સામેલ કરવામાં આવી તો તેનો વિરોધ થયો. આંબેડકરે એ આશાએ આ કલમને બંધારણનો હિસ્સો બનાવી કે તેના ઉપયોગની નોબત બહુ ઓછી આવશે, પરંતુ બધા જાણે છે કે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુથી માંડીને નરસિંહ રાવના સમય સુધી કલમ ૩૫૬નો કઈ રીતે બેફામ અને મનમાફક ઉપયોગ થયો. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં વડાપ્રધાન મોદીએ સંસદમાં જણાવ્યું હતું કે કોંગ્રેસની સરકારોએ લગભગ ૯૦ વખત ૩૫૬નો ઉપયોગ કરીને રાજ્ય સરકારોને ગબડાવી હતી. ઇન્દિરા ગાંધીએ તો લગભગ ૫૦ વખત ૩૫૬નો ઉપયોગ કર્યો હતો. એ પણ છૂપું નથી કે કટોકટી દરમ્યાન કઈ રીતે બંધારણની પ્રસ્તાવનામાં 'સેક્યુલર' અને 'સમાજવાદ' શબ્દો ઘૂસાડી દેવામાં આવ્યા હતા.

કોંગ્રેસ બંધારણ ખતમ થવાની બૂમરાણ મચાવે છે તેથી ગત દિવસોમાં વડાપ્રધાને ત્યાં સુધી કહી દીધું કે જો આંબેડકર પણ આવી જાય તો તેઓ પણ બંધારણને ખતમ ન કરી શકે. મોદી જ્યારે પહેલી વાર વડાપ્રધાન બન્યા હતા તો તેમણે સ્પષ્ટ રૂપે કહ્યું હતું કે તેમના માટે સૌથી પવિત્ર પુસ્તક બંધારણ છે અને દેશ એનાથી જ ચાલશે. તેમણે પોતાના બીજા કાર્યકાળની શરૂઆતમાં સંસદના કેન્દ્રીય કક્ષમાં બંધારણની પ્રતને નમન કરીને તેના પ્રત્યે પોતાની નિષ્ઠા વ્યક્ત કરી હતી. જો ભાજપના નેતૃત્વવાળું એનડીએ ચારસોથી વધુ સીટો પણ મેળવી લે તો પણ એ યાદ રહે કે એવું પહેલી વાર નહીં થાય. રાજીવ ગાંધીના સમયે એકલી કોંગ્રેસે ૪૧૪ સીટો જીતી હતી. જ્યારે કોઈ પક્ષ પૂર્ણ બહુમતીથી સત્તામાં આવે છે તો તે પોતાના એજન્ડાને લાગુ કરે જ છે. એવું કોંગ્રેસે પણ કર્યું અને ભાજપે પણ. જો મોદી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા અને પોતાના ત્રીજા કાર્યકાળમાં મોટા બદલાવોની વાત કરી રહ્યા છે તો શું એના આધાર પર એવું કહી શકાય કે તેઓ બંધારણ અને લોકતંત્રને ખતમ કરવાની તૈયારીઓ કરી રહ્યા છે?

રાહુલ ગાંધી એ આધાર પર પણ લોકતંત્ર ખતરામાં હોવા અને બંધારણીય સંસ્થાઓને નષ્ટ કરવાનો આરોપ લગાવે છે કે મોદી સરકાર પોતાના લોકોને શીર્ષ સંસ્થાઓમાં નિયુક્ત કરી રહી છે. આ કામ તો દરેક સરકાર કરતી આવી છે! કોંગ્રેસને તો એની ખબર જ હશે! કોંગ્રેસ કે બીજા કોઈ પક્ષ એવી અપેક્ષા કેવી રીતે રાખી શકે કે શીર્ષ પદો પર નિયુક્તિ તેમના હિસાબે થાય? કોંગ્રેસ દ્વારા બંધારણીય સંસ્થાઓના ભગવાકરણના પણ આરોપ લગાવવામાં આવે છે. તો શું જે લોકો ભારતીયતાથી ઓતપ્રોત છે અને ભારતીય સંસ્કૃતિની વાત કરે છે, તેમની નિયુક્તિ શીર્ષ પદો પર ન થવી જોઈએ? ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા નેતાઓની ધરપકડ કે પછી તેમના વિરુદ્ધ તપાસના આધાર પર પણ એમ કહેવામાં આવે છે કે લોકતંત્ર ખતરામાં છે. લોકતંત્રને ખતરો તો ખરેખર રાજકીય ભ્રષ્ટાચારથી છે, નહિ કે ભ્રષ્ટ તત્ત્વો વિરુદ્ધ કરાતી કાર્યવાહીથી. શું દેશમાં એવો કોઈ કાયદો છે, જે એમ કહેતો હોય કે જો કોઈ નેતા કોઈ પદ પર હોય તો તેના વિરુદ્ધ કાર્યવાહી ન થવી જોઈએ? ધ્યાન રહે કે આ કાર્યવાહી ત્યારે જ આગળ વધે છે, જ્યારે અદાલતો એવા નેતાઓને રાહત નથી આપતી. મુશ્કેલી એ છે કે કોંગ્રેસની સાથે મીડિયાનો એક ચોક્કસ વર્ગ પણ લોકતંત્ર-બંધારણ ખતરામાં હોવાનો હાઉ ઊભો કરી રહ્યો છે. આ હાઉ ઊભો કરીને ન્યાયપાલિકાને પણ પ્રભાવિત કરવાની કોશિશ થઈ રહી છે, એટલે જ થોડા દિવસો પહેલાં ૬૦૦ વકીલોએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખીને એમ કહ્યું કે એક ખાસ સમૂહ અંગત સ્વાર્થો માટે ન્યાયપાલિકા પર દબાણ બનાવવાની કોશિશ કરી રહ્યો છે. આ ખાસ સમૂહ કોણ છે તેની જનતાને ખબર જ હશે.અત્યાર સુધી બંધારણમાં સો કરતાં વધારે વખત સંશોધનો થઈ ચૂક્યાં છે. સ્પષ્ટ છે કે દેશની જરૂરિયાત અનુસાર ભવિષ્યમાં પણ સંશોધનો થવાનાં જ.

કોંગ્રેસે સમજી લેવું જોઈએ કે બંધારણ અને લોકતંત્ર ખતમ થવાનો જુમલો ઉછાળીને તે પોતાના પક્ષમાં કોઈ ઠોસ નરેટિવ ઊભો કરી શકતી નથી, એટલે જ કોંગ્રેસના નેતાઓ રોજેરોજ પાર્ટી છોડી રહ્યા છે. જે કોંગ્રેસી નેતા બચી ગયા છે, તેમની મજબૂરી છે કે તેઓ રાહુલ ગાંધીના આરોપોને દોહરાવ્યે રાખે. કોંગ્રેસ કમજોર થઈ રહી છે.

રાજકારણમાં નૈતિકતાનો પાઠ ભણાવવા આવેલા એક નેતા

ભ્રામક જાહેરાતોના કેટલાક કેસો આજકાલ ચર્ચામાં છે. સ્વનિયમનના આ દોરમાં સેન્સર બોર્ડની જેમ વકીલાત કરતી કોર્ટ દેખાય છે. ભ્રામક જાહેરાતોથી જો દેશને મુક્તિ મળે તો નિશ્ચિતપણે ઉલ્લેખનીય ઉપલબ્ધિ ગણાશે. એઇડ્સ ઠીક કરવાનો દાવો કરનારા અને ગુપ્ત રોગોનો ઇલાજ કરનારાઓની જાહેરાતો તમને ભીંતો પર ચીતરેલી જોવા નહીં મળે! ચપટી વગાડતાં જ માથાનો દુઃખાવો અને બીજી તકલીફ દૂર કરનારી ગોળીઓનું શું થશે? જાહેરાતના બેલગામ વેપારને નિયંત્રિત કરવાથી અખબારો પ્રકાશિત કરનારાઓને પણ મુશ્કેલી વધી જશે.સુપ્રીમ કોર્ટના પ્રમુખ રહેલા જસ્ટિસ લલિત અને જસ્ટિસ બોબડે જ નહીં, પરંતુ જસ્ટિસ ગોગોઈ પણ એનાથી નારાજ થયા હશે. ઊભા ચીરી નાખવા જેવી ટિપ્પણી કરનારા ન્યાયમૂર્તિ વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણને પ્રસન્ન કરી શકે છે. પટના હાઇકોર્ટમાંથી ગયા વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટમાં પહોંચેલા અમાનુલ્લાહને આજે નૈતિકતાના પાઠ ભણાવવા માટે દેશના કેટલાય પૂર્વ સીજેઆઇ અને સહયોગી ન્યાયમૂર્તિ સલાહ આપી રહ્યા છે. ૧૯૯૨ના કૃષ્ણા સ્વામી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને ૧૯૯૫માં સી.રવિચંદ્રન અય્યર વિરુદ્ધ જસ્ટિસ એ.એમ. ભટ્ટાચાર્જી કેસનું અવલોકન કરવાનાં સૂચનો કરવામાં આવ્યાં છે, સુપ્રીમ કોર્ટની ગરિમાનું ધ્યાન કેવી રીતે રાખવામાં આવે એવા ઉદ્દેશ્ય સાથે. સાથે જ સવાલ પેદા થાય છે કે એમાં ન્યાયાલયની અવમાનના કોણ અને કેમ કરી રહ્યું છે? ન્યાયાલયની અવમાનનાના આ કેસમાં પીઠ સામે નતમસ્તક ઊભા રહીને બિનશરતી માફી માગવા પર શંકા જાય છે. વિશ્વાસ નથી થતો કે ગઈ સદીના અંતિમ દાયકામાં હરિદ્વાર ન્યાયાલયના પરિસરમાં એક વકીલનું માથું લાકડાની પાદુકાથી ફોડી નાખનારા ધીરજ ધારણ કરીને બેઠા. વાલ્મીકિ રામાયણના ઋષિ વિશ્વામિત્રની યાદ આવે છે. આ રામનો દેશ છે. ન્યાયના સર્વોચ્ચ આસન પર બેઠેલા ન્યાયમૂર્તિ ભગવાધારી સંત સાથે દુર્જનો માટે વપરાતી ભાષા વાપરી લે છે. કોઈ દોષ સાબિત થયા વિના જ સજા આપવાની ધમકી આપે છે. ઔષધાલય બંધ કરવાની ધોંસ દેખાડતાં ટ્રાયલ કોર્ટના કાર્યક્ષેત્રનું અધિગ્રહણ કરે છે. શું આ પરોક્ષ રૂપે એલોપેથિક દવાની ટીકા પર રોક લગાવવા અને તેની સાઇડ ઇફેક્ટ્સ પર ચાલતી ચર્ચા ખતમ કરવાનો પ્રયાસ છે?હિંદુ-મુસ્લિમની આ રાજનીતિ પર આગળ વધતાં પહેલાં આંતરરાષ્ટ્રીય સ્તર પર ચાલતી ત્રણ વાતો ધ્યાનમાં રાખવી જોઈએ. હમાસ અને ઇઝરાયલ વચ્ચે ગાઝા પટ્ટી પર કબ્જો કરવા માટે જંગ ચાલુ છે. તેનો ઇરાન, સઉદી અરબ અને કતાર જ નહીં, બલ્કે રશિયા, યુરોપ, ચીન, અમેરિકા અને ભારત પર પણ દુષ્પ્રભાવ પડે છે. બીજી વાત, હાલમાં જ કતારની જેલમાં બંધ પૂર્વ ભારતીય નવ સૈનિકોની વાપસી થઈ છે. જ્યારે બીજી તરફ મોહંમદ બિન સલમાનના નેતૃત્વવાળા સઉદી અરબના લગભગ પાંચ લાખ હિંદુઓના હિતમાં મંદિરનું ઉદ્ઘાટન થયું છે. ઈદના અવસરે કેટલાય મંત્રી

યુદ્ધસ્ય કથા રમ્યા

જંગ અને જીવન વચ્ચે ઝઝૂતું સત્ય

આજના સનસનીખેજ બ્રેકિંગ-ન્યૂઝ, આવતીકાલનો ક્રૂર ઈતિહાસ છે. (છેલવાણી)

"એ જુવાનનાં લગ્નની જ્યારે સુહાગરાત હતી ત્યારે જ દેશનાં સત્તાવાળાંઓ એને ઉપાડીને યુદ્ધમાં લડવા લઈ ગયા. આજે છેક પાંચ વરસે એની લાશ પાછી આવી અને એના ત્રણ દીકરાઓ એની લાશને લેવા દરિયા કિનારે ગયા

૫..

"દેશ માટે જુવાન, સરહદ પર લડવા જઈને બે વરસે, પોતાનાં ઘર પાસે પાછો અંધારી ગલીમાં પ્રવેશ્યો, ત્યારે એની પોતાની જ પત્નીનો અવાજ સાંભળ્યો: "હેય જવાન, મજા કરવી છે? ફક્ત ૧ ડોલર!

૫.

જગતની આ ખૂબ નાની નાની વાર્તાઓ જ માણસજાતનાં સૌથી મોટા દર્દને છતાં કરે છે. આજે છેલ્લાં બે અઠવાડિયાથી ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે જે હિંસા ચાલે છે એનાં સમાચાર જોઈને આપણી સંવેદનાની ચામડી જાડી થતી જાય છે. ઈઝરાયલ પર હમાસના હુમલાથી હલી જવાય છે અને એની સામે ઈઝરાયલનો હિંસક જવાબ જોઈને સાચું-ખોટું, સારું-ખરાબ કશું જ સમજાતું નથી. બેઉ પક્ષે સદીઓ જૂનો લોહિયાળ ઈતિહાસ છે, જેમાંથી નીગળતું લોહી અટકતું જ નથી. વળી વર્લ્ડ-પોલિટિકસમાં કયો નેતા, કયો દેશ, કોને શા માટે સપોર્ટ કરે છે કે નથી કરતો કે કરવાનો દાવો કરે છે એ બધું લાશો પર રમાતી શતરંજ જેવું લાગે છે. આપણાં ઘરનાં હૂંફાળા વાતાવરણમાં બેસીને, મોતના આતંક વચ્ચે રહેતા લોકોનાં ખૌફનો આછેરો અંદાજો પણ આપણને ના આવે.

ઈતિહાસ ગવાહ છે કે માણસ હંમેશાં ઘાતકી, યુદ્ધખોર, ધર્માંધ અને પાશવી જ રહ્યો છે. મોહમ્મદ ગઝની, નાદિર શાહ, ચંગેઝ ખાન, તૈમૂર, હલાકુ, સિકંદર જેવાઓ માટે ક્રૂરતા રોજિંદી રમત હતી. સદીઓથી હજારો પુરુષોની હત્યા થતી, પીઠ પર ચાબખાં મારવામાં આવતા, સુંદર સ્ત્રીઓ પર અત્યાચાર કરીને જમીનમાં જીવતી દાટી દઈને અમાનુષી ત્રાસ અપાતો. ઘાતકી રાજાઓ યુદ્ધ જીતી જાય ને દુશ્મનને જીવતો પકડી લે તો એના ટુકડે ટુકડાં કરીને આસપાસ ખાણીપીણીની ઉજાણી કરેતા. પણ જો એ દુશ્મનને પકડી ના શકે અને મરેલા શત્રુની કબર ખોદીને બહાર કાઢે ને પછી એ મૃત રાજાના હાડપિંજરને જાહેરમાં લટકાવતા! ત્યાર પછી મશાલો સળગાવીને તલવારની અણી પર દુશ્મનોના માથાને ઉછાળી એની આસપાસ નગ્ન નાચગાન કરીને જીતની ખુશી મનાવતા. વળી, આવું જ બધું અત્યારે પણ કોમી દંગાઓમાં જોવા મળે જ છેને?

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો

છેવાડો ને એકલવાયો અબોલ એક સુતેલો

અણપૂછ્યો અણપ્રીછેલો, કોઈનો અજાણ લાડીલો. (મેઘાણી)ટી.વી. પર વિડિયો ગેમ જેવી બેફામ હિંસા અને વિશ્ર્વ પોલિટિકસની પલપલ બદલાતી રમત જોઈને હવે તો માત્ર કાતિલ કટાક્ષ સૂઝી શકે. જેમ કે-ધારો કે જો અમેરિકામાં 'નાસા'ના વડાને સમાચાર મળે કે ૬ કલાકમાં રશિયા અણુબોંબ ફેંકશે અને એ હલી જાય તો એમના માટે એ એક 'ટ્રેજેડી'કે દુર્ઘટના છે. પણ જો એ જ સમાચાર અમેરિકાના પ્રેસિડંટને ફોન પર મળે ને ત્યારે તેઓ ટોઈલેટમાં હોય અને તેમને રોકી ના શકાય એવા ઝાડાં થયાં હોય તો એવી હાલતમાં તેઓ શું કરશે? કે શું નહીં કરી શકે?- એ વિશે વિચારો તો આખું દ્રશ્ય ભરપૂર 'કોમેડી' છે! સમાચાર એક જ છે, સિચ્યુએશન અલગ અલગ છે! જોકે આવી રમૂજ પણ એક પ્રકારે હિંસા સામેની લાચાર હિંસા જ છે. ખરેખર તો આપણે હિંસા નથી કરી શકતાં એટલે હિંસાથી ડરીને હિંસા પર હસવાની કોશિશ કરીએ છીએ.ચિંતક કાર્લ માર્ક્સે કહેલું- ઈતિહાસ, વ્યક્તિઓ કે મહાપુરુષો દ્વારા નથી બનતો, યુદ્ધની હિંસાથી લખાય છે! ગાંધી હોય કે બર્ટ્રાંડ રસેલ જેવા મહાન લોકો, દુનિયાભરમાં અણુબોંબની વિરુદ્ધ અવાજ ઉઠાવતા રહ્યા છે. ત્યારે બોમ્બ રશિયાનો છે કે અમેરિકાનો એવું નથી વિચારતાપપણ માનવતાવાદીઓનાં પોચાં પોચાં અને પ્રેમસભર વિચારોથી હિંસાખોર રાજનેતાઓને કોઈ જ ફરક નથી પડતો. ઈતિહાસમાં નિર્દોષના મોત તાનાશાહ હિટલર કે સ્ટાલિનને કારણે હોય કે પછી હિરોશીમા પરનો અમેરિકાનો અણુબોમ્બ હોય, યુદ્ધમાં આખરે તો 'કોઈનો લાડકવાયો' જ મરાય છેને?લિયો ટોલ્સટોયની નવલકથા 'વોર એન્ડ પીસ' ૧૯મી સદીની મહાન કૃતિ છે. એમાં નેપોલિયનની સેનાએ, રશિયન ઝારની સેના પર કરેલ હુમલાની ગાથા છે. ઝારની સેના હુમલાનો સામનો કરવા આગળ વધી રહી હતી અને ત્યારનું સૌથી ભયાનક ને ખતરનાક યુદ્ધ થવા જઈ રહ્યું હતું. નવલકથામાં એક પિયેર નામનાં જુવાન સૈનિકનું પાત્ર છે, જે ના તો યુદ્ધની રણનીતિ જાણે છે કે ના તો નેપોલિયનની સામ્રાજ્યની મહત્ત્વકાંક્ષાઓને સમજે છે અને ના તો ઝારની સત્તા લાલસા સાથે સહમત છે. એમ મનમાં ભયની એક જ લાગણી હતી કે એના હાથમાં બંદૂક નથી! અને માટે જ એ કંઈ કરી શકતો નથી! એવામાં અચાનક એની નજીક એક બોમ્બ આવીને પડે છે અને ચારે બાજુ ધુમાડો નીકળવા લાગે છે. બ્લાસ્ટના કારણે એના ચશ્મા તૂટી જાય છે અને વાળ અને કપડાં ધૂળથી ઢંકાઈ જાય છે. આસપાસની અનેક તોપ ફરી ફરીને ગોળીબાર કરે છે છતાં પિયેર તો બીચારો ચાલતો જ રહે છે. એની આસપાસ રશિયન સૈનિકો એની હાલત જોઈને હસે છે અને પાછા જવાની ફરી ફરી ચેતવણી આપે છે.

પણ એ પાછો ફર્યો નહીં. એનું ભાગ્ય પણ બીજા સૈનિકો જેવું જ હતું: 'મૃત્યુમુખી ભાવિ!' ત્યારે ટોલસ્ટોય અદ્ભુત વાત લખે છે: "માણસ, યુદ્ધના મેદાનમાંથી પાછો આવી શકે છે પણ યુદ્ધનાં સમયમાંથી કે યુદ્ધનાં યુગમાંથી ક્યારેય પૂરેપૂરો પાછો ફરી શકતો નથી.





સ્ટ્રીમિંગ ટેક્નોલોજી: દેખને વાલોને ક્યાં નહિ દેખા હોગા

માર્કેટ હોય કે મેન્યુફેક્ચરિંગ યુનિટ, સરઘસ હોય કે સ્ટાર્ટઅપ અને ફ્લેટનું સેમ્પલ હાઉસ હોય કે કોઈ ફંકશન વીડિયો સ્ટ્રીમિંગ ઈસ એવરીવેર. સ્ટેટસથી લઈને યુટ્યુબના શોર્ટ સુધી વીડિયો ક્લિપિંગ્સની અનોખી દુનિયાએ ઘણી બધી વસ્તુઓને વિઝિયુલાઈઝ કરી દીધી છે. સાત સમંદર પાર બેઠેલી કોઈ વ્યક્તિને એક સેક્ધડમાં કનેક્ટ કરવી એટલે વીડિયો કોલ ફિચર ઘણી બધી એપ્લિકેશન આપે છે. આ સિવાય મોટા બજેટની કહેવાતી ફિલ્મો જેને સિનેમા હોલમાં જોવા માટે ઘણી રાહ જોવી પડે છે એ ફિલ્મો લોન્ચ થયા બાદ ચોક્કસ સમયગાળાના અંતે આ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર લોડ થઈ જાય છે. એટલું જ નહીં ફિલ્મ બનતી વખતે પણ જે તે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ સાથે એના કરાર કરી લેવામાં આવે છે. એટલે એક ફિલ્મમાંથી ડબલ ફાયદા જેવી પ્રણાલી ટેક્નોલોજીના યુગમાં સ્પષ્ટ દેખાઈ રહી છે. આ તમામ માહોલ વચ્ચે ક્યારેક કોઈને એક સવાલ તો એવો થયો હશે કે આ સ્ટ્રીમિંગ ટેક્નોલોજી આખરે કેમ કામ કરતી હશે??

અનલિમિટેડ ઈન્ટરનેટની ફેસિલીટી વચ્ચે કોઈપણ મોટા સાઈઝના વીડિયો તેમજ ફિલ્મોને ડાઉનલોડ કર્યા વગર જ એ જ પ્લેટફોર્મ ઉપર જોવાની આખી પ્રોસેસને વીડિયો સ્ટ્રીમિંગ ટેક્નોલોજી કહેવાય છે. જેમાં જે તે ફિલ્મને કે વીડિયો ને એક ચોક્કસ પ્રકારે કેટેગરીમાં જનરલાઈઝ કરીને અપલોડ કરવામાં આવે છે. જે હકીકતમાં રી રેકોર્ડેડ વીડિયો હોય છે. જ્યારે આવા વીડિયો જે તે પ્લેટફોર્મ ઉપરથી પ્લે કરવામાં આવે છે ત્યારે સર્વરમાંથી એ વીડિયો રિયલ ટાઈમમાં જે તે ડિવાઈસ સુધી પહોંચીને એક આખી સિક્વન્સ પ્લે થાય છે. વિડીયો સ્ટ્રીમિંગ ટેક્નોલોજી ૯૫ ટકા સર્વર પર આધારિત છે. જેમાં રિયલ ટાઈમ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સાથે પ્રોસેસિંગ અને પ્લેઈગન નો પણ સમાવેશ થાય છે. જાણીને નવાઈ લાગશે કે વીડિયો અને ઓડિયો માટે બે અલગ અલગ ચેનલ ફિક્સ હોય છે જે એકમાં કંબાઈન્ડને થઈને જે ફોર્મેટ બને છે એને પેકેટ કહેવામાં આવે છે. આવા હજારોની સંખ્યામાં પેકેટ્સ સર્વરમાંથી ટ્રાન્સફર થઈને જે તે વ્યક્તિના ડિવાઈસ સુધી પહોંચે છે.જ્યારે પણ પ્લેનું બટન દબાવવામાં આવે છે ત્યારે આ પેકેટ જે તે ડિવાઈસના પ્લેયર સાથે રિએસેમ્બલ થાય છે. ઘણી વખત મોબાઈલ પર ફિલ્મ જોતી વખતે ઓડિયો પછીથી પ્લે થાય છે. આનું કારણ ફાઈલ કરપ્શન હોવાનું નથી, પરંતુ જે તે ડિવાઈસ એટલા પેકેટ્સને રીસેમ્બલ કરવામાં ક્યાંક પાછળ હોય એના કારણે એવું થાય છે. કારણ કે સર્વરમાંથી આવતા કંટીન્યુ પેકેટ કોઈ જ પ્રકારના વિઘ્ન વગર સતત લોડ થતા રહે છે. સ્ટ્રીમિંગ ટેક્નોલોજીમાં મુખ્ય બે પ્રકારની સ્ટ્રીમિંગ સૌથી વધારે ઉપયોગમાં લેવાતી હોય છે. લાઈવ સ્ટ્રીમિંગ અને ઓન ડિમાન્ડ સ્ટ્રીમિંગ. લાઈવ સ્ટ્રીમિંગ તો મોટાભાગના લોકોને ખબર જ છે કે જે તે ન્યૂઝ ચેનલ કે પ્લેટફોર્મ સતત પ્રોપર વિષયના વિડીયો આપ્યા જ કરે છે જેને લાઈવ સ્ટ્રીમિંગ કહેવાય છે. એમાં ક્રિકેટની લાઈવ મેચ પણ આવી જાય. જ્યારે ઓન ડિમાન્ડમાં મુવી, ટીવી શો, ટોક શો, મ્યુઝિક કોન્સર્ટનો સમાવેશ થાય છે. જેટલા પ્રમાણમાં બીટરેટ મોટી સંખ્યામાં ટ્રાન્સફર થાય એમ વીડિયો કોલિટીની ક્લિનને વધારે. પણ ઘણી વખત સ્થિતિ એવી ઊભી થતી કે ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઓછી હોવાના કારણે વીડિયો ચોંટી જતા અથવા પ્રોપરલી પ્લેન ન થતા.આ સમસ્યાનું નિરાકરણ એબીએસ ટેક્નોલોજીથી થયું એટલે કે એડેપ્ટિવ બીટરેટ સ્ટ્રીમિંગ જે તે ડિવાઈસની ઈન્ટરનેટ સ્પીડના આધારે વીડિયોને એડજસ્ટ કરીને પ્લે કરે છે. એટલે જેટલી કનેક્ટિવિટી સારી એટલી વીડિયો ક્વોલિટી સારી. કોઈપણ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર જ્યારે સેટિંગ્સમાં જઈને એની ક્વોલિટી સિલેક્ટ કરવામાં આવે છે ત્યારે જ એના બીટરેટ ફિક્સ થઈ જાય છે એટલે યુઝરને જે ક્વોલિટીના વીડિયો જોઈતા હોય એ પ્રમાણે બીટરેટ ટ્રાન્સફોર્મ થાય છે અને એબીએસ ઓટોમેટિકલી આખા પેકેટને ઈનકોડ કરી એડજેસ્ટમેન્ટ કરી આપે છે સૌથી મોટી અને ખાસ વાત એ છે કે ડેટા સેવિંગ મોડ ઉપર જ્યારે કોઈપણ વીડિયો પ્લે કરવામાં આવે છે ત્યારે વીડિયોના મુખ્ય પાર્ટ્સ હીરો-હિરોઈન્સ કે ખાસ ઈફેક્ટથી શુટ કરેલા સીન એ જ ક્લિયારીટીમાં દેખાય છે જે સિનેમા હોલમાં દેખાય છે, પરંતુ આપણે ત્યાં હજુ પણ કેટલીક સ્પીડ અને ડેટા કનેક્ટિવિટીના મામલે લોલમ લોલ ચાલે છે.નેટ ફિક્સ વજ્ઞતિંફિ અિને ુજ્ઞીીબિય જેવા વીડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ડેસ ટેક્નોલોજી નો યુઝ કરે છે જેમાં જે તે વીડિયોની નાની નાની ક્લિપને એસેમ્બલ કરીને ફરી પ્લે કરવામાં આવે છે. આનાથી મોટો ફાયદો એ થાય છે કે મોટા અને સારી ક્વોલિટીના વીડિયો ને નાની ક્લિપિંગ્સથી સાચવી રિયાસેમ્બલ કરીને પ્લે કરી શકાય છે. એક વખત પ્લે કર્યા બાદ વારંવાર ઈન્ટરનેટ કનેક્ટિવિટી ને ફેટ કરવી પડતી નથી. આ ઉપરાંત ડિવાઈસ ઈન્ટરનેટમાં ડેટા પણ ઓછો યુઝ થાય છે. આવો ડબલ ફાયદો ટેક્નોલોજીના મિનિમમ યુઝ વિશે વિચારનારાઓએ વિચારીને જ મૂક્યો છે. આ પરથી એક સવાલ સ્વાભાવિક પણે થાય કે ટેક્નોલોજી આટલી ફાસ્ટ અને હાથવગી છે.

આપણા જીવનમાં પડકારનો પંથ

બેંગલોર યુનિવર્સિટીમાં બેચલર ઓફ બિઝનેસ મેનેજમેન્ટની ડિગ્રીમાં ફર્સ્ટ કલાસ મેળવ્યા બાદ ૨૨ વર્ષીય અર્જુન શેટ્ટીનું મન હવે વિદેશમાં માસ્ટર ડિગ્રી માટે થનગની રહ્યું હતું. વિદેશમાં સ્થાયી થયેલા શ્રીધરણ નાયર, જેઓ મૂળ તેના જ ગામના વતની હતા, તેમની સાથે મોબાઈલ પર વાત કરીને અર્જુન અને તેના પિતાએ એમ.બી.એ. માટેની માહિતી મેળવી.

વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટેના એજન્ટની મદદ મળતાં માતા-પિતાના આશિષ લઈને અર્જુન લંડન પહોંચી ગયો. દીકરાની મહેચ્છા પૂરી કરવા અર્જુનના પિતાએ ૨૦ વીઘા જમીન પણ વેચી દીધી હતી. અર્જુનને લંડનની તેની કોલેજ, ઈમ્પીરીયલ કોલેજ ઓફ બિઝનેસની નજીક જ સ્ટુડન્ટ હોસ્ટેલમાં

રહેવાની સગવડ પણ એજન્ટે કરી દીધી હતી. અર્જુનના રૂમ પાર્ટનરમાં ૨૫ વર્ષનો હતો એક ભારતીય સ્ટુડન્ટ હતો. એ કોઈ રિસર્ચ કરી રહયો હતો. બીજો એક હબસી હતો, જે ભણવા કરતાં નાચગાન અને સંગીતમાં મસ્ત રહેતો.

અર્જુન કયારેય પોતાના પેરેન્ટ્સથી અળગો થયો ન હતો, હવે અચાનક આમ દૂર થઈ ગયો. એ વાતે દુઃખી હતો, પણ સફળતાના પંથે પડકાર તો ઝીલવા જ પડે ને ! પેલો ભારતીય સુધાંશુ ખૂબ સ્માર્ટ જણાતો હતો. પણ પેલો કાળો હબસી ઝીણી આંખે હસતો ત્યારે ડરામણો લાગતો, વળી એ શું બોલે છે, એ પણ ઘણી વાર સમજાતું નહીં. હવે જીવનમાં સફળ થવા અર્જુને છ ટર્મનો અભ્યાસ એમની સાથે રહીને કરવાનો હતો. આમ તો કોલેજમાં લાઈબ્રેરીમાં વધુ અભ્યાસ કરવો, કલાસ એટેન્ડ કરવા, પ્રોજેકટ વર્ક કરવું આ બધામાં અર્જુનનો સમય નીકળી જતો પણ અમ્મા, અપ્પા અને બહેન વૈજયંતી યાદ આવી જતા ત્યારે અર્જુન ઉદાસ થઈ જતો.

એક શનિવારે હબસી મિત્ર તેને પરાણે ડાન્સ પાર્ટીમાં લઈ ગયો. ત્યાંની સુંદર યુવતીઓના મોહક નૃત્યો, શેમ્પેઈનની જિયાફતમાં હબસી એન્ડ્રુઝ તો ઝૂમી રહયો હતો. એક લાલ ડ્રેસવાળી કોઈ યુવતી અર્જુનને હાથ લંબાવી બોલાવી રહી હતી, પણ અર્જુન એની પાસે ન ગયો. એ તો સંગીતના કોલાહલથી દૂર જઈ ફોન જોડીને અમ્મા સાથે વાત કરી ત્યારે જીવ હેઠો બેઠો.

એ પાર્ટીમાં પેલા હબસીના કહેવાથી અર્જુને પોતાનો મોબાઈલ એક વેઈટરને આપ્યો. વેઈટરે કોઈની સાથે દશેક મિનિટ સુધી વાત કરી. પ્રોગ્રામ પુરો થતાં, બંને જણા રૂમ પર આવ્યા ત્યારે રાતના બે વાગ્યા હતા.

બીજે દિવસે અર્જુન કોલેજ જઈ ન શકયો. એનો મોબાઈલ ડેડ-થયો હોય તેવું લાગ્યુ. પેલા હબસી મિત્રને કહયું તો એણે મદદ કરવાનો ડોળ કર્યો. અર્જુને સુધાંશુની મદદ માગી, એણે કહયું હવે તારી બેન્કમાં કે કોઈ મોબાઈલ સેન્ટરમાં જલદી પહોંચી જા. તારા એકાઉન્ટમાંથી પૈસા ઉચાપત થશે, તો શું કરીશ ?

હાંફળો ફાંફળો થયેલો અર્જુન મોબાઈલ સ્ટોરમાં ગયો. ત્યાંના મોબાઈલ મીકેનીકે મોબાઈલ ઓપન કરી આપ્યો. અર્જુને તરત બેંક ડીટેલ જોઈ, અરે, આ શું મારા અકાઉન્ટમાં ઝીરો બેલેન્સ ? એને તો ચક્કર આવી ગયા. એ તો માથે હાથ દઈને બેસી પડ્યો. મીકેનીકે એની હાલત જોઈને પાણી મગાવીને પીવડાવ્યું..

વોટ હેપન્ડ, એનીથીંગ સીરીયસ?, દુકાનદારે પૂછયું. સમવન હેક્ડ માય બેન્ક એકાઉન્ટ, ટ્રાન્સફર્ડ ઓલ માય મની ફ્રોમ માય અકાઉન્ટ. આય એમ રુઈન્ડ. અર્જુને રડમસ અવાજે કહયું.

સો સોરી. માય સર્વિસ ચાર્જ ૧૦ પાઉન્ડ પ્લીઝ. દુકાનદારે કહ્યું.બટ. આય હેવ નો મની. યુ સી, આય એમ રુઈન્ડ.ઓકે. ગીવ યોર મોબાઈલ નંબર- યુ કેન કમ ડે આફટર ટુમોરો એન્ડ પે મની.ઓ.કે કહેતાં અર્જુન સ્ટોરમાંથી નીકળ્યો. હારેલા યોદ્ધાની જેમ માંડ માંડ પોતાની હોસ્ટેલ રૂમ પર પહોંચ્યો.કોલેજમાં ગયો પણ ટેન્શનમાં જ હતો, હવે હું શું કરું. કદાચ, હબસી કોઈ માર્ગ બતાવશે. કદાચ સુધાંશુ ફી માટે પૈસા ઉધાર આપે. પણ હું પાછા કેવી રીતે આપીશ.રાત્રે રૂમમાં જમ્યા પછી અર્જુને સુધાંશુ અને હબસીને વાત કરી.સુધાંશુએ સાચી પરિસ્થિતિ સમજાવતાં કહ્યું-તારી ફી, તારા પ્રોજેકટ માટેની સ્ટડી મટિરિયલ અને રૂમ પાર્ટનરશિપ, કેન્ટીનનો ખર્ચ, આ બધો ખર્ચ તો કરવો જ પડશે, એ કેવી રીતે કરીશ?.આસ્ક યોર ડેડ. હી વીલ સેન્ડ મની. પેલો હબસી બોલ્યો.નો, નો, આય કાન્ટ આસ્ક માય ડેડ ટુ સેન્ડ મની. ઈવન ઈફ હી કમ્સ ટુ નો અબાઉટ ધીસ, હી વીલ બી વેરી સેડ.

અર્જુને વિચાર્યું એણે કોઈ નોકરી જ કરવી રહી.

સુધાંશુએ અર્જુનને ૨૦ પાઉન્ડ આપતાં કહ્યું- તારી પાસે હોય ત્યારે મને પાછા આપજે. તું અહીં ભણવા આવ્યો છે એ યાદ રાખજે.

પેલા હબસીએ કહ્યું -વન રીચ લેડી નીડ્સ ડોમેસ્ટીક હેલ્પર, શી વીલ ગીવ ગુડ પે.

અર્જુને ના છૂટકે એ સ્ત્રીના ઘરમાં કામ કરવાનું સ્વીકાર્યું. વળી શનિ-રવિવારે રાત્રીએ એક ગોડાઉનમાં મજૂરી પણ કરતો.

એક વાર પેલી લેન્ડ લેડીને ઘેર ડ્રીન્ક પાર્ટીમાં નશામાં ધૂત કોઈ પ્રોઢાએ નવલોહિયા અર્જુનને રંજાડવાનું શરૂ કર્યું. ત્યારે ગભરાયેલો અર્જુન ત્યાંથી ભાગી છૂટ્યો.એક તરફ અમ્મા અને અપ્પાનો વાત્સલ્યપૂર્ણ ચહેરો અને એક તરફ અહીંના જીવનની સચ્ચાઈ. અર્જુન અમ્માએ શીખવાડેલી પ્રાર્થના રોજ સવારે અચૂક કરતો. તેને વિશ્ર્વાસ હતો કે ગોડ ઈઝ વીથ મી. મારા અમ્મા- અપ્પાના આશિષ મારી સાથે જ છે.આ બધા ટેન્શનમાં એનો અભ્યાસ અધૂરો રહેતો. તે દિવસે એ ગ્રૂપ ચર્ચામાં એ શૂનમૂન હતો, અને તેનું પાવરપોઈંટ પ્રેઝન્ટેશન નબળું રહ્યું. એટલે તેના પ્રોફેસર જ્યોર્જ લીંડેએ અર્જુનને પુછ્યું- એની પ્રોબલેમ?, યુ આર માય બેસ્ટ સ્ટુડંટ.અર્જુને પ્રોફેસરને બેન્ક એકાઉન્ટ હેક થઈ ગયાનું જણાવ્યું. પ્રોફેસર તરત અર્જુનને પોલીસ સ્ટેશને લઈ ગયા. ફરિયાદ નોંધાવડાવી. સાયબર ક્રાઈમની મદદથી હેકર્સ પકડાયા, પોલીસે અર્જુનને તેના પૈસા પાછા અપાવ્યા.અર્જુનનો પડકાર પંથ પૂરો થયો. હવે એ પોતાના લક્ષ્યાંક તરફ નિશ્ર્ચિત થઈને આગળ વધી રહ્યો છે.



મહિલાની છેડતી અને પતિને માર મારવાના કેસમાં આરોપીને ૩ વર્ષની સજા

દ્રષ્ટિકોણ-સુરત : સુરતમાં મહિલાની છેડતી અને તેના પતિ સાથે મારામારીના કેસમાં અદાલતે આરોપીને ત્રણ વર્ષની સાદી કેદ અને રૂ.૫ હજારના દંડની સજા ફટકારી છે. આ કેસની વિગત મુજબ લાલગેટ વિસ્તારમાં રહેતી ફરિયાદી મહિલાના પતિ બીમાર રહેતા હોવાનો લાભ લઈ આરોપી ગુલામ સાબીર સાઈકલવાલા અગાઉ ફરિયાદી મહિલાને વારંવાર હેરાન કરતો અને છેડતી કરતો હતો. તા.૧૧-૧૦-૨૦૧૮ના રોજ રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે ફરિયાદી પોતાના ભાઈ સાથે દીકરીના કપડાં લેવા ઘરે આવી હતી. ભાઈ ઘરની નીચે ઉભો હતો દરમિયાન ફરિયાદી બીજા માળે આવેલા ઘરમાં કપડાં લેવા ગઈ હતી.

ત્યારે આરોપી ગુલામ સાબીરે ગેરકાયદેસર રીતે ઘરમાં પ્રવેશ કરી ફરિયાદીને પાછળથી પકડી બાથમાં ભીડી લઈ તેની ઈજ્જત લેવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે ફરિયાદીએ આરોપીને ધક્કો માર્યો હતો. દરમિયાન ફરિયાદીના પતિ કપડાં બદલવા ઘરે આવ્યા અને આરોપીને ઘરમાં જોઈ પૂછપરછ કરતાં આરોપીએ મોબાઈલ નંબર લેવા આવ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આરોપીએ ફરિયાદના પતિ સાથે જાતિવિષયક ગાળાગાળી કરી અપમાનિત કર્યા હતા અને વિરોધ કરવા પર ઢીક મુક્કીનો માર માર્યો હતો.

બૂમાબૂમ થતાં ફરિયાદીનો ભાઈ ઘરમાં આવી પહોંચ્યો હતો, ત્યારબાદ આરોપી નાસી ગયો હતો. આ બનાવ અંગે લાલગેટ પોલીસ મથકમાં IPC કલમ ૩૫૪(A-૧), ૪૫૨, ૩૨૩, ૫૦૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧)(ઉ-૧) અને ૩(૨)(૫-A) હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. કેસની કાર્યવાહી બાદ અદાલતે આરોપીને કસૂરવાર ઠેરવી ત્રણ વર્ષની સાદી કેદ અને રૂ.૫,૦૦૦નો દંડ ફટકારવાનો હુકમ કર્યો હતો.

રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી પી. સી. બરંડાની ત્રણ દિવસીય ધરમપુર મુલાકાતનો પ્રારંભ



દ્રષ્ટિકોણ-વલસાડ, રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના મંત્રી પી. સી. બરંડા ત્રણ દિવસીય કાર્યક્રમ અંતર્ગત ધરમપુર પ્રવાસે પહોંચ્યા હતા.

મંત્રીએ ધરમપુર આસુરા ખાતે આવેલી ધરતી આંબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે 'ભગવાન બિરસા મુંડા'ના નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. મંત્રીએ આદિવાસીઓનું વાદ્ય તૂર પણ વગાડ્યું હતું. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, હેમંતભાઈ કંસારા સહિત સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીએ ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણ દેવજી ઐતિહાસિક લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ લક્ષ્ય નક્કી કરી મહેનત, લગન અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરિત કર્યા હતા.

નિવૃત્ત જજને શોધવામાં પોલીસ નિષ્ફળ, ગુજરાત હાઈકોર્ટનો સરકાર સામે આકરો આક્રોશ

પુત્રીએ હેબિયસ કોર્પસ અરજી કરતાં હાઈકોર્ટ સખત નારાજ, DGP સહિતના અધિકારીઓને નોટિસ ફટકારી

દ્રષ્ટિકોણ-નવી દિલ્હી, તા.૨૭

અમદાવાદ મેટ્રોપોલીટન કોર્ટમાં એક સમયે એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતાં ગુજરાતના એક નિવૃત્ત જજ રાજેશભાઈ વિનોદરાય ઓઝા છેલ્લા ત્રણ વર્ષથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં અને પોલીસ દ્વારા હજુ સુધી આ નિવૃત્ત જજને શોધી નહી શકાતાં આખરે આ નિવૃત્ત જજની પુત્રીએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે.જસ્ટિસ ભાર્ગવ કારીઆ અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની ખંડપીઠે એક નિવૃત્ત જજની ભાળ મેળવવામાં ત્રણ ત્રણ વર્ષ સુધીની ઉદાસીનતા અને પોલીસની નિષ્ફળતાને લઈ બહુ ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી.

હાઈકોર્ટે પોલીસની ભારે ટીકા કરતાં જણાવ્યું કે, શું આપણે કાયદા વિનાના શાસનમાં જીવી રહ્યા છીએ..? તો પછી શું ચાલી રહ્યું છે આ બધુપ? હાઈકોર્ટે એક તબક્કે રાજ્યના પોલીસ વડાને કોર્ટમાં હાજર કરવાની અને કસૂરવાર સ્ટાફને ઘરભેગા કરવાની ચીમકી ઉચ્ચારતાં સરકાર ફફડી ઉઠી હતી.હાઈકોર્ટે પ્રસ્તુત કેસમાં રાજ્ય સરકાર, રાજ્યના ઢ્ય, શહેર પોલીસ કમિશનર, શાહીબાગ પીઆઈ સહિતના પક્ષકારોને નોટિસ કાઢી ત્રણ વર્ષથી ગુમ થયેલા નિવૃત્ત ન્યાયાધીશને શોધવાના પૂરતા પ્રયાસો કેમ નથી કરાયા એ મુદ્દે જવાબ માંગ્યો હતો.

હાઈકોર્ટે આક્રમક સ્વરમાં વધુમાં જણાવ્યું કે, જો કોઈ ન્યાયિક અધિકારી સાથે પોલીસનું આવું વલણ છે તો એક સામાન્ય વ્યક્તિ સાથે શું થઈ શકે છે તે સમજી શકાય તેમ છે. એક વ્યક્તિ (નિવૃત્ત જજ) ત્રણ-ત્રણ વર્ષથી ગુમ-લાપતા છે અને તમે એફઆઈઆર નથી નોંધી રહ્યાપ આપણે કેવી અરાજકતાની સ્થિતિમાં જીવી રહ્યા છીએ.નિવૃત્ત જજ રાજેશભાઈ ઓઝાની પુત્રી દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરાયેલી હેબીયર્સ કોર્પસ અરજીમાં અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, તેના પિતા રાજેશભાઈ ઓઝા વર્ષ ૨૦૧૬માં અમદાવાદમાં એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા અને બાદમાં નિવૃત્ત થયા હતા. તેઓ સપ્ટેમ્બર-૨૦૨૩થી રહસ્યમય સંજોગોમાં ઘરેથી ગુમ થઈ ગયા છે.

અરજદારે ઓક્ટોબર-૨૦૨૩માં શાહીબાગ પોલીસને જાણ કરી હતી પરંતુ પોલીસે આ મામલે એફઆઈઆર દાખલ નહી કરી માત્ર જાણવા જોગ એન્ટ્રી કરી હતી. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, તેના પિતાનું નિવૃત્ત જજ તરીકેનું ફેમીલી પેન્શન મેળવવા માટે પણ એફઆઈઆર જરૂરી છે. અરજદારે તેના પિતાને શોધવા માટે પોલીસને સીટ અથવા માનવ તસ્કરી વિરોધી એકમ દ્વારા તપાસની પણ માંગ કરી હતી.

પાટણના રાધનપુરમાં ઈન્ડિયન ઓઈલ અને HPCL દ્વારા સંયુક્ત મોકડ્રીલ



દ્રષ્ટિકોણ-પાટણ: પાટણ જિલ્લાના રાધનપુર ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડની પશ્ચિમ ક્ષેત્ર પાઈપલાઈન રાધનપુર દ્વારા ઈન્ડિયન ઓઈલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)ના સંયુક્ત ઉપક્રમે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલનો મુખ્ય હેતુ કોઈપણ પ્રકારની કટોકટી કે ઈમરજન્સીની પરિસ્થિતિ સર્જાય ત્યારે તાત્કાલિક અને અસરકારક રીતે કેવી રીતે કામગીરી કરવી તે અંગે જાગૃતિ અને વ્યવહારુ તાલીમ આપવાનો હતો.

મોકડ્રીલ દરમિયાન આગ લાગવાની કલ્પિત પરિસ્થિતિ ઊભી કરી બચાવ અને રાહત કામગીરીનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું.

આગની જાણ થતાં તાત્કાલિક એલર્ટ કેવી રીતે આપવો, સ્થળ પર સુરક્ષાનાં પગલાં કેવી રીતે લેવા, ફાયર ફાઈટિંગ સાધનોની મદદથી આગ પર કેવી રીતે કાબૂ મેળવવો તથા આગને વધુ ફેલાતી અટકાવવા માટે કઈ રીતે કામગીરી કરવી તે અંગે પ્રેક્ટિકલ નિદર્શન કરાયું હતું.

આ ઉપરાંત દુર્ઘટનામાં કોઈ વ્યક્તિ ઘાયલ થાય તો તેને પ્રાથમિક સારવાર આપીને એમ્બ્યુલન્સ મારફતે સુરક્ષિત રીતે હોસ્પિટલ સુધી કેવી રીતે પહોંચાડવી તેની પણ સમગ્ર પ્રક્રિયા સમજાવવામાં આવી હતી.

આ મોકડ્રીલ દ્વારા ઈમરજન્સીના સમયે ગભરાયા વગર ટીમવર્ક, સમયસૂચકતા અને સંકલન સાથે કામગીરી કરવાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આવી મોકડ્રીલથી કર્મચારીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની તૈયારી વધે છે અને કોઈ અનિચ્છનીય ઘટના બને ત્યારે જાનમાલનું નુકસાન ઓછું કરી શકાય છે.

હાઉસિંગ બોર્ડના ચેરમેનની ખોટી ઓળખ આપી વકીલને રૂ. ૨.૩૦ લાખનો ચૂનો

દ્રષ્ટિકોણ-અમદાવાદ, તા.૨૭

ગાંધીનગર હાઉસિંગ બોર્ડમાં ચેરમેન અને અધિકારી હોવાની ખોટી ઓળખ આપીને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નરોડામાં ૩ BHK ફ્લેટ અપાવવાની લાલચ આપી હાઈકોર્ટના વકીલ સાથે રૂ.૨.૩૦ લાખની ઠગાઈ થયાનો કિસ્સો સામે આવ્યો છે. ન્યુ રાણીપમાં રહેતા દંપતીએ વકીલનાં પત્નીના નામે ફ્લેટ અપાવવાનું કહી કુલ રૂ.૨,૨૯,૫૦૦ મેળવ્યા હતા. જોકે, નક્કી કરેલા સમય બાદ પણ ફ્લેટનું પઝેશન નહીં મળતાં અને દંપતીએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતાં વકીલે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.સરદારનગરના નોબલનગર પાસે કબીરનગરમાં રહેતા દિનેશભાઈ પ્રેમજીભાઈ સલાટ (ઉં.વ.૪૨) વર્ષ ૨૦૧૨થી ગુજરાત હાઈકોર્ટ અને સેશન્સ કોર્ટમાં વકીલાત કરે છે. ફરિયાદ અનુસાર, ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેઓ સરદારનગર પોલીસ સ્ટેશન પાછળ ભદ્રેશ્વર જોગણી માતાના છાપરામાં રહેતાં તેમનાં માતા જમનાબેનના ઘરે હતા. ત્યારે ન્યુ રાણીપની બી-આલોક રેસિડેન્સીમાં રહેતાં સુરેખાબેન ઉર્ફે ટીકુ બળદેવભાઈ રાવત ત્યાં આવ્યાં હતાં.સુરેખાબેને તેમના પતિ નીરવભાઈ રાજેશભાઈ જોષી ગાંધીનગર હાઉસિંગ બોર્ડમાં અધિકારી અને ચેરમેન હોવાનું જણાવી દિનેશભાઈનાં પત્ની લીલાબેનના નામે નરોડામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3 BHK ફ્લેટ અપાવવાની વાત કરી હતી.

આ માટે કુલ રૂ.૨,૨૯,૫૦૦ ભરવા પડશે અને બાકીની રૂ.૯ લાખની લોન થઈ જશે તેવી ખાતરી આપી હતી.

નારણપુરા દુષ્કર્મ કેસમાં આરોપીને કડક સજા

છ વર્ષના બાળક સાથે દુષ્કર્મ બદલ આરોપીને ૨૦ વર્ષની કેદ

ફુગ્ગાની લાલચ આપીને બાળકને ઘરે લઈ જઈ દુષ્કર્મ આચર્યું, પોક્સો કોર્ટે ચાર લાખનું વળતર ચૂકવવા કર્યો આદેશ

દ્રષ્ટિકોણ- અમદાવાદ , તા.૨૭

શહેરના નારણપુરા વિસ્તારમાં સગીર વયના ૬ વર્ષના માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું દુષ્કૃત્ય આચરવાના ચકચારી કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે ઐતિહાસિક અને સખત ચુકાદો આપતા આરોપી ગૌતમ ઉર્ફે ગોપાલ જગદીશભાઈ ઠાકોરને દોષી ઠેરવી પોક્સો કાયદા અને બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા તથા દંડ ફટકાર્યો છે. ઉપરાંત કોર્ટે ભોગ બનનારને ચાર લાખ રૂપિયા વળતર ચૂકવવા આદેશ કર્યો છે.

ગત ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ બપોરે અઢી વાગ્યાના અરસામાં ભોગ બનનાર ૬ વર્ષ ૧૧ માસનું માસૂમ બાળક પોતાના ઘરની બહાર રમતું હતું. તે દરમિયાન આરોપી ગૌતમ ઉર્ફે ગોપાલે બાળકને ફુગ્ગો અપાવવાની લાલચ આપી હતી અને તેને ફોસલાવીને પોતાના ઘરમાં લઈ જઈ બળજબરીપૂર્વક સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. ઘટના બાદ માસૂમ બાળક ગભરાયેલી સ્થિતિમાં રડતો-રડતો પોતાના ઘરે ગયો હતો અને તેની નાનીને હકીકત જણાવી હતી. બાળકની તબિયત લથડતાં અને ગુપ્ત ભાગે અસહ્ય દુખાવો થતાં તેને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં નારણપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ પોલીસે તપાસ કરી આરોપી સામે ચાર્જશીટ કરતા કેસ ચાલવા પર આવ્યો હતો. આ કેસમાં સરકાર તરફથી સરકારી વકીલ ડી.એમ. ઠાકોરે ફરિયાદપક્ષ દ્વારા કુલ ૧૧ સાક્ષીઓની મૌખિક જુબાનીઓ અને ૨૭ જેટલા દસ્તાવેજી પુરાવા(જેમાં જન્મનું પ્રમાણપત્ર, મેડિકલ રિપોર્ટ્સ, એફ.એસ.એલ. અહેવાલ અને પંચનામાનો સમાવેશ થાય છે) કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. બાળકની ઉંમર સાબિત કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જન્મ-મરણ નોંધણી વિભાગના રેકર્ડને આધારે તેની જન્મ તારીખ ૧૧ એપ્રિલ ૨૦૧૯ હોવાનું અને બનાવ વખતે તેની ઉંમર માત્ર ૬ વર્ષની હોવાનું સ્પષ્ટપણે પુરવાર થયું હતું.

સ્પેશિયલ પોક્સો કોર્ટના જજે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અને પાયાના પુરાવાઓ ધ્યાને લેતાં નોંધ્યું હતું કે આરોપી સામે પોક્સો કાયદા હેઠળના ગુનાઓ શંકાથી પર સાબિત થાય છે. આથી કોર્ટે આરોપી ગૌતમ ઉર્ફે ગોપાલ જગદીશભાઈ ઠાકોરને તકસીરવાર ઠેરવી ૨૦ વર્ષ કેદની સજા ફટકારી છે.

પોલીસ કમિશ્નર દ્વારા ૮ આંતરિક સહિત ૨૩ પીઆઈની બદલી

S.G.-2 ટ્રાફિકના પીઆઈ આર.એ. પટેલ અને કંટ્રોલ રૂમના પીઆઈ ટી.આર. ગઢવીને ક્રાઈમ બ્રાન્ચમાં મુકાયા

અમદાવાદ, અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરની કાયદો-વ્યવસ્થા અને તપાસ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા એકસાથે ૮ પીઆઈની આંતરિક બદલી તેમજ ૨૩ પીઆઈની બદલીના મહત્વપૂર્ણ આદેશ જાહેર કરાયા છે. વહીવટી સુગમતા અને વિશિષ્ટ શાખાઓમાં અનુભવી અધિકારીઓની નિમણૂક દ્વારા પોલીસ વ્યવસ્થાને વધુ ગતિશીલ બનાવવા આ નિર્ણય લેવાયો છે, જેની વિગતો આદેશ દ્વારા જાહેર કરાઈ છે.

અમદાવાદ શહેર પોલીસ તંત્રમાં થયેલા આ બે તબક્કાના ફેરબદલ હેઠળ વિવિધ પોલીસ સ્ટેશનો, ટ્રાફિક, કંટ્રોલ રૂમ અને વિશેષ તપાસ શાખાઓના અધિકારીઓને નવી જવાબદારી સોંપવામાં આવી છે. ગુનાશોધન, સાયબર ગુના અને આર્થિક ગુનાઓની તપાસને વેગ આપવા ક્રાઈમ બ્રાન્ચ, SOG, સાયબર ક્રાઈમ અને E.O.W. જેવી શાખાઓમાં પીઆઈની નિમણૂક કરાઈ છે. આંતરિક બદલીના આદેશ મુજબ, પીઆઈ બી.પી. સાવલિયાની ખોખરા પોલીસ સ્ટેશનથી સાયબર ક્રાઈમમાં અને પીઆઈ એસ.એ. કોટડીયાની નરોડા-IIથી ખોખરા પોલીસ સ્ટેશનમાં બદલી થઈ છે.

પીઆઈ જે.કે. રાઠોડની SC/ST સેલ-૨થી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં તથા પીઆઈ વી.એચ. જોષીની કૃષ્ણનગરથી SOGમાં બદલી કરાઈ છે. તેમજ E.O.W. અને કાલુપુર વચ્ચે પીઆઈ ડી.બી. બસીયા તથા પીઆઈ એચ.આર. વાઘેલાની પરસ્પર બદલી થઈ છે, જ્યારે પીઆઈ આર.જી. સિન્ધુની E.O.W.થી ક્રાઈમ બ્રાન્ચમાં અને પીઆઈ કે.કે. ડીંડોરની ક્રાઈમ બ્રાન્ચથી E.O.W.માં બદલી કરાઈ છે.બીજી તરફ, ૨૩ પીઆઈની સામૂહિક બદલી હેઠળ S.G.-2 ટ્રાફિકના પીઆઈ આર.એ. પટેલ અને કંટ્રોલ રૂમના પીઆઈ ટી.આર. ગઢવીને ક્રાઈમ બ્રાન્ચમાં મુકાયા છે, જ્યારે કંટ્રોલ રૂમના પીઆઈ બી.કે. ભારાઈની SOGમાં બદલી થઈ છે. પીઆઈ પી.વી. દેસાઈની સરદારનગર-IIમાં અને પીઆઈ એમ.કે. ચૌધરીની સરખેજ-IIમાં બદલી કરાઈ છે, જ્યારે પીઆઈ એમ.જી. રાઠોડને S.G.-2 ટ્રાફિકની જવાબદારી સોંપાઈ છે. પીઆઈ પી.ડી. સોલંકીની વિશેષ શાખામાં તથા પીઆઈ વી.આર. ખેર અને આર.એસ. ઠાકરની E.O.W.માં બદલી થઈ છે.

ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા સંતોનું આહવાન

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ નજીક અડાલજના પર્વ મેદાન ખાતે આજે ગૌવંશની સેવા, સુરક્ષા અને સન્માનના ઉદ્દેશ્ય સાથે ભવ્ય 'ગૌ સન્માન મહાસંમેલન' યોજાયું હતું, જેમાં ૧ લાખથી વધુ ગૌભક્તો ઉમટ્યા હોવાનો દાવો કરાયો છે. આ સંમેલનમાં જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ સહિતના સંતો-મહાત્માઓએ ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા, ગૌવંશને રાષ્ટ્રીય ધરોહરનો દરજ્જો આપવા અને સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો બનાવવાની માંગ ઉઠાવી હતી. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને અલ્પેશ ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ ગૌપૂજન કરી સંતોના આશીર્વાદ લીધા હતા.

સંમેલનને સંબોધતા જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજે જણાવ્યું હતું કે, "ગાયની ભક્તિ કરે છે તે હિંદુ છે. જો ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવામાં આવશે, તો જે લોકો ગાયને માત્ર પશુ માને છે તેઓ પણ તેને માતા માનવા લાગશે." તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ કાયદો ઘડવાની માંગ કરતા ઉમેર્યું હતું કે, "જે લોકોએ તમને સત્તા પર બેસાડ્યા છે અને રાજા બનાવ્યા છે, તે લોકોની માંગ છે કે ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરો. ગૌમાતાની સેવા કરો, તમને કોઈ ગાદી પરથી નહીં ઉતારે."

અમદાવાદમાં પ્રતિષ્ઠિત પરિવારની એક મહિલા બની ડ્રગ્સ પેડલર

મહિલા હાઈપ્રોફાઈલ લાઈફસ્ટાઈલ અને મોજશોખ પૂરા કરવા માટે ડ્રગ્સ પેડલર બની હોવાનો ખુલાસો થયો છે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના એક પ્રતિષ્ઠિત પરિવારની મહિલા હાઈપ્રોફાઈલ લાઈફસ્ટાઈલ અને મોજશોખ પૂરા કરવા માટે ડ્રગ્સ પેડલર બની હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વસ્ત્રાલ પોલીસે બાતમીના આધારે જલસાગર સોસાયટીના મકાન નંબર ૫૬માં દરોડો પાડીને મહિલાની ધરપકડ કરી છે. પોલીસે તેની પાસેથી ૨ લાખ ૫૩ હજારથી વધુના મૂલ્યનું ૮૪.૬૧૦ મિલીગ્રામ બિસ્કિટ ફોર્મેટનું MD ડ્રગ્સ જપ્ત કર્યું. તપાસમાં સામે આવ્યું છે કે ૧૭ વર્ષના લગ્નજીવન બાદ પારિવારિક અણબનાવને કારણે મહિલા દોઢ વર્ષથી પુત્રી સાથે અલગ રહેતી હતી. પોતાના મોંઘા શોખ પૂરા કરવા તે છેલ્લા એક વર્ષથી ખુલ્લેઆમ ડ્રગ્સ વેચતી હતી. હાલ પોલીસે તેને ડ્રગ્સ સપ્લાય કરનાર રાયપુર દરવાજાના મોહમ્મદ નામના શખ્સની શોધખોળ તેજ કરી છે જેની ધરપકડ બાદ મોટા નેટવર્કનો પર્દાફાશ થઈ શકે છે.

અમદાવાદમાં પ્રતિષ્ઠિત પરિવાર સાથે સંકળાયેલી એક મહિલા પોતાની હાઈપ્રોફાઈલ લાઈફસ્ટાઈલ અને મોંઘા મોજશોખ પૂરા કરવા માટે MD ડ્રગ્સના કારોબારમાં જોડાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વસ્ત્રાલ પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને સોનલ જીતેન્દ્ર પટેલ નામની મહિલાની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા છેલ્લા એક વર્ષથી MD ડ્રગ્સનું વેચાણ કરતી હતી. તેની પાસેથી અંદાજે ૨.૫૩ લાખ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી જલસાગર સોસાયટીના મકાન નંબર ૫૬માં MD ડ્રગ્સનું વેચાણ થતું હોવાની પોલીસને બાતમી મળી હતી. જેના આધારે વસ્ત્રાલ પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન સોનલ જીતેન્દ્ર પટેલ નામની મહિલાને ઝડપી લેવામાં આવી હતી.

નલિયા ૧૧.૫ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર

ગુજરાતમાં ઠંડીનો ચમકારો : આગામી સાત દિવસ સુધી હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. જોકે આગામી સાત દિવસ સુધી હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે અને ઠંડીનું પ્રમાણ પણ લગભગ યથાવત રહેશે. અમદાવાદમાં આગામી બે દિવસ લઘુતમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

બીજી તરફ ૧૧.૫ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો અમરેલી અને ડીસામાં ૧૪.૮ ડિગ્રી, વડોદરામાં ૧૫.૮ ડિગ્રી, ભુજમાં ૧૭.૪ ડિગ્રી, અમદાવાદમાં ૧૬.૭ ડિગ્રી અને ભાવનગરમાં ૧૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હાલ અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય હોવા છતાં રાજ્યના હવામાન પર તેની મોટી અસર થવાની શક્યતા નથી. એટલે આગામી એક સપ્તાહ સુધી ઠંડીમાં મોટા ઉતાર-ચઢાવ વગર વાતાવરણ સૂકું રહેવાની આગાહી છે. વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જોકે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે.

વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલાનું કાવતરું નિષ્ફળ

વડોદરા, તા.૨૭

વડોદરાના એરફોર્સ સ્ટેશન પર મોટા આતંકી હુમલાના કાવતરાને ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS)એ નિષ્ફળ બનાવ્યું છે. આસામના કરીમગંજ જિલ્લાના રહેવાસી અને જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા આતંકી મોહમ્મદ શેહરુલ ઈસ્લામની AK-47 રાઈફલ સાથે ધરપકડ કરવામાં આવી છે. ATSના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને મળેલી ચોક્કસ બાતમીના આધારે પંચમહાલના હાલોલ પાસેથી તેને દબોચી લેવાયો હતો. આરોપી હુમલો કર્યા બાદ પાકિસ્તાન ભાગી જવાની ફિરાકમાં હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપી વિરુદ્ધ UAPA હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગુજરાત ATSની પ્રાથમિક તપાસ મુજબ, આતંકીનો મુખ્ય નિશાન વડોદરા એરફોર્સ સ્ટેશન હતું અને તે આગામી એક-બે દિવસમાં ઓટોમેટિક વેપનથી ફાયરિંગ કરવાની તૈયારીમાં હતો. આ હુમલા માટે એક ટીમ પણ તૈયાર કરાઈ હોવાની વિગતો મળી છે. આરોપીએ એરફોર્સ સ્ટેશનના ગેટ પાસે જઈને રેકી કરી હતી તેમજ તેના ફોટા અને વીડિયો ઉતાર્યા હતા, જે તેના મોબાઈલમાંથી મળી આવ્યા છે.

ATSની પ્રેસ કોન્ફરન્સમાં કરાયેલા ખુલાસા અનુસાર, આરોપીએ દાહોદ નજીકથી 'ડેડ ડ્રોપ' પદ્ધતિથી AK-47 રાઈફલ મેળવી હતી. તેની પાસેથી બે ખાલી મેગેઝિન, ૨૩ જીવતા કારતૂસ, ઓટોમેટિક હથિયાર અને ઝંડો કબજે કરાયા છે. તેણે હથિયાર ચલાવવાની કોઈ પ્રેક્ટિકલ તાલીમ લીધી નહોતી, પરંતુ સોશિયલ મીડિયા પર મોકલાયેલા ફાયરિંગના વીડિયો જોઈને તેણે હથિયાર ચલાવવાનું શીખ્યું હતું.

ભાજપના કોર્પોરેટર મધુબેન ભરવાડે રાજીનામું આપ્યું

અમદાવાદ, તા.૨૭

જિલ્લાની બાવળા નગરપાલિકાના રાજકારણમાં મોટો વળાંક આવ્યો છે. વોર્ડ નંબર ૧ના ભાજપના કોર્પોરેટર મધુબેન નારણભાઈ ભરવાડે નગરપાલિકાના સભ્યપદેથી સ્વૈચ્છિક રાજીનામું આપી દેતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શૈલેષ દાવડાને સંબોધીને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે.

મધુબેન ભરવાડે પોતાના રાજીનામાના પત્રમાં તબિયત અને પારિવારિક કારણોનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે, મારા પતિનું લિવર ટ્રાન્સપ્લાન્ટ થયેલું હોવાથી તેમની તબિયત પણ નાદુરસ્ત રહે છે. આ ઉપરાંત કેટલાક કૌટુંબિક કારણોસર તેઓ નગરપાલિકાના સભ્ય તરીકેની જવાબદારી નિભાવી શકે તેમ નથી.

કોર્પોરેટર મધુબેન નારણભાઈ ભરવાડે પત્રમાં સ્પષ્ટતા કરી છે કે, કોઈપણ ધાકધમકી, દબાણ કે પ્રલોભન વિના તેઓ પોતાની મરજી અને સ્વેચ્છાએ રાજીનામું આપી રહ્યા છે અને પક્ષના આગેવાનો રાજીનામાનો સ્વીકાર કરે તેવી અભિલાષા વ્યક્ત કરી છે.

બીજી તરફ, કેટલાક કાર્યક્રમોમાં આમંત્રણ ન મળવા સહિતની બાબતોને લઈને પણ આંતરિક નારાજગી અને ખેંચતાણ હોવાની ચર્ચાઓ સામે આવી છે. જો કે મધુબેન ભરવાડના રાજીનામા સાથે જ બાવળા નગરપાલિકામાં ભાજપનું સંખ્યાબળ ઘટીને ૧૩ થઈ ગયું છે, જેના કારણે સત્તાના સમીકરણો પર સીધી અસર પડી શકે છે. કેમકે ભાજપ કુલ ૧૪ બેઠકો સાથે સત્તામાં છે. જ્યારે કોંગ્રેસ પાસે ૧૩ બેઠકો અને બસપા પાસે ૧ બેઠક છે.

ક્ષારયુક્ત પાણી ખેતરોમાં ફરી વળતાં ભાતના તરુનું વાવેતર અટક્યું

હાંસોટના ઈલાવ ગામ નજીક બિરલા સેલ્યુલોઝિકની પ્રદૂષિત પાણીની લાઈનમાં ભંગાણ

દ્રષ્ટિકોણ-ભરૂચ, તા. ૨૭

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના ઈલાવ ગામ નજીક ખરચની બિરલા સેલ્યુલોઝિક કંપનીની પ્રદૂષિત પાણીની લાઈનમાં ભંગાણ થતાં ખેડૂતોની મુશ્કેલી વધી છે. આશરે ૨૫ કિલોમીટર લાંબી આ લાઈનમાં લીકેજ થતાં ક્ષારયુક્ત પાણી આસપાસનાં ખેતરોમાં ફરી વળ્યું હતું. એટલું જ નહીં, પ્રદૂષિત પાણી વરસાદી કાંસમાં પણ પહોંચતાં આશરે એક કિલોમીટર સુધી વહ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે ખેતીની જમીન અને પાકને નુકસાન થયાની ખેડૂતો દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. હાલ ઉકાઈ જમણા કાંઠાની કેનાલમાં પાણી બંધ હોવાથી ખેતી માટે પાણીની અછત છે. આવા સમયે કંપનીની લાઈનમાંથી



ક્ષારયુક્ત પાણી ખેતરોમાં ફરી વળતાં ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે.ખેડૂત ધનેશ પટેલે જણાવ્યું હતું કે, તેમણે ખેતરમાં ભાતના તરુનું રોપણ કરવા માટે જમીનને પાણીથી રવાળી તૈયાર કરી હતી. વરાપ આવે તેની રાહ જોઈ રહ્યા હતા, તે દરમિયાન કંપનીની લાઈનમાંથી ક્ષારયુક્ત પાણી ખેતરમાં ફરી વળ્યું હતું. હવે ભાતનું તરુ રોપવું શક્ય ન હોવાનું જણાવી તેમણે ખેતીના નુકસાનનું વળતર ચૂકવવાની માંગ કરી છે. સાથે જ જમીનની ફળદ્રુપતા પર

વરસાદી કાંસમાં એક કિ.મી. સુધી પાણી પહોંચતાં ખેડૂતોમાં રોષ, કંપનીએ વળતરની ખાતરી આપી

પણ વિપરીત અસર થવાની ભીતિ વ્યક્ત કરી છે.

બીજી તરફ ખેડૂત રાકેશ પરમારે જણાવ્યું હતું કે, અગાઉ તેમના ખેતરમાંથી કંપનીની પાણીની લાઈન પસાર કરવામાં આવી ત્યારે રોજગારી આપવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, આજદિન સુધી તેમને રોજગારી કે વળતર મળ્યું નથી.

હવે ફરી એકવાર લાઈનમાં ભંગાણ થતાં તેમની ખેતીની જમીનને નુકસાન થયું છે. અગાઉ કંપનીએ લાઈન ખેતરમાંથી પસાર થતી હોવાના પુરાવા માગ્યા હતા, પરંતુ હાલના ભંગાણથી થયેલા નુકસાનના પુરાવા તો કંપની સમક્ષ જ હોવાનું તેમણે જણાવ્યું હતું. આ સમગ્ર મામલે કંપનીના પ્રતિનિધિ આનંદસિંહે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, કંપનીના એટીપી પ્લાન્ટમાંથી નીકળતા પાણીની લાઈનમાં ભંગાણ થયાની જાણ થઈ છે.

લાઈનનું સમારકામ કરવા સૂચના આપી દેવામાં આવી છે. કંપનીની નીતિ મુજબ અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવાની ખાતરી પણ તેમણે આપી હતી. હવે લાઈનનું સમારકામ કેટલી ઝડપથી પૂર્ણ થાય છે અને ખેડૂતોને થયેલા નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરી વળતર ક્યારે ચૂકવવામાં આવે છે તેના પર સૌની નજર છે.

અંકલેશ્વરના કાગદીવાડમાં કારમાંથી વિદેશી દારૂની ૪૫૬ બોટલ ઝડપાઈ

દ્રષ્ટિકોણ-ભરૂચ, તા. ૨૭

ભરૂચ કાઈમ બ્રાન્ચે અંકલેશ્વરના કાગદીવાડ વિસ્તારમાં બાતમીના આધારે કાર્યવાહી કરી કારમાંથી વિદેશી દારૂની ૪૫૬ બોટલ ઝડપી પાડી છે. પોલીસે દારૂના જથ્થા સાથે કાર સહિત કુલ રૂ.૪.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

સાલેર ઉર્ફે શાહરુખની ધરપકડ; કાર સહિત રૂ.૪.૨૦ લાખનો મુદ્દામાલ કબજે, બે આરોપી વોન્ટેડ

પ્રાપ્ત માહિતી મુજબ, ભરૂચ કાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે કાગદીવાડ વિસ્તારમાં રહેતો સાલેર ઉર્ફે શાહરુખ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી પોતાના ઘર પાસે પાર્ક કરીને બેઠો છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી કારની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કારમાંથી અંદાજે રૂ.૧ લાખની કિંમતની વિદેશી દારૂની ૪૫૬ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ.૪.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન સાલેર ઉર્ફે શાહરુખે દારૂનો જથ્થો પાનોલીમાં રહેતા સકીલ પાસેથી મંગાવ્યો હોવાનું જણાવ્યું હતું. આરોપીના જણાવ્યા મુજબ, તે પોતાના ભાગીદાર તુફેલ મલેક સાથે ઉમરવાડા રોડ વિસ્તારમાં ગયો હતો અને ત્યાંથી દારૂનો જથ્થો મેળવ્યો હતો. આ મામલે પોલીસે કાગદીવાડના સાલેર ઉર્ફે શાહરુખની ધરપકડ કરી છે, જ્યારે કસ્બાતીવાડના તુફેલ મલેક અને પાનોલીના સકીલને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે. સમગ્ર પ્રકરણમાં દારૂના સપ્લાય નેટવર્ક અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો

યુવા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી માર્ગદર્શન અપાયું, યુવાનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા

દ્રષ્ટિકોણ-ઉપલેટા તા. ૨૭

ઉપલેટા શહેર યુવા ભાજપ દ્વારા ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા યુવા ભાજપના મહામંત્રી સુરજભાઈ ડેરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

યુવાનો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા, તેમની વિચારધારા અને પ્રશ્નોને સમજવા તેમજ યુવાનોને સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સાથે જોડવા જેવા હેતુઓ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું



હતું. યુવા પેઢી દેશના ભવિષ્યનું ઘડતર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે ત્યારે શિક્ષણની સાથે સામાજિક જાગૃતિ, રાષ્ટ્રપ્રેમ અને જવાબદાર નાગરિક તરીકેની ફરજો અંગે પણ વિદ્યાર્થીઓને પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ભાજપના વરિષ્ઠ આગેવાન અને સિનિયર એડવોકેટ નરસીભાઈ મુગલપરા, ઉપલેટા શહેર યુવા ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, મહિલા મોરચાના પ્રમુખ નિલમબેન રાઠોડ, મહામંત્રી જયશ્રીબેન મકવાણા, માયાબેન ગોસ્વામી, રીધ્ધીબેન ચોટલીયા, ભક્તિબેન કાછેલા અને યુવા ભાજપના મહામંત્રીઓ ફેનિલભાઈ કકડ અને નૈતિકભાઈ ત્રિવેદી, કિશોરભાઈ સોલંકી તથા કોલેજના પ્રિન્સિપાલ દર્શનાબેન ચંદ્રવાડિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવા સંવાદ કાર્યક્રમના માધ્યમથી યુવાનો અને આગેવાનો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. કોલેજના વિદ્યાર્થીઓમાં જાગૃતિ, આત્મવિશ્વાસ અને સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે તેવા હેતુથી યોજાયેલ આ કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

નોકરી છોડીને મોબાઈલ સ્વિચ ઓફ કરી યુવક ફરાર

લોજિસ્ટિક્સના ડિલિવરી બોયની રૂ. ૧૨ હજારની પાર્સલ અદલાબદલી કરી છેતરપિંડી

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

ખટોદરા વિસ્તારમાં આવેલી લોજિસ્ટિક્સ કંપનીમાં ડિલિવરી કમ પિકઅપ બોય તરીકે કામ કરતા ૧૮ વર્ષીય યુવકે કંપની સાથે છેતરપિંડી કરી હોવાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. યુવકે સેલર દ્વારા મોકલવામાં આવેલા ચાર પાર્સલમાંથી અસલ સામાન કાઢી તેની જગ્યાએ હલકી ગુણવત્તાનો અન્ય માલ ભરી પાર્સલ ફરી પેક કરી દીધાં હતાં. આશરે રૂ. ૧૨ હજારની કિંમતના માલની અદલાબદલી કરી યુવક નોકરી છોડીને ફરાર થઈ ગયો હતો.

ચાર પાર્સલમાંથી અસલ સામાન કાઢી હલકી ગુણવત્તાનો માલ ભરી ફરી પેક કર્યા

ખટોદરા વિસ્તારમાં આવેલી જય ગોગા લોજિસ્ટિક્સમાં પાંડેસરાના લક્ષ્મીનગર ખાતે રહેતો ૧૮ વર્ષીય વિજય રામમિલન ગુપ્તા ડિલિવરી કમ પિકઅપ બોય તરીકે નોકરી કરતો હતો. આ દરમિયાન તેણે પોતાના આર્થિક લાભ માટે સેલર દ્વારા મોકલવામાં આવેલા ચાર પાર્સલને નિશાન બનાવ્યાં હતાં. આરોપી વિજયે પાર્સલમાં રહેલો અસલ સામાન કાઢી લીધો હતો અને તેની જગ્યાએ હલકી ગુણવત્તાનો અન્ય માલ ભરી પાર્સલ ફરીથી પેક કરી દીધાં હતાં.

આ રીતે આશરે રૂ. ૧૨ હજારની કિંમતના માલની અદલાબદલી કરી કંપની સાથે છેતરપિંડી આચર્યાનો આક્ષેપ છે. બનાવ બાદ આરોપીએ કંપનીની નોકરી છોડી દીધી હતી અને પોતાનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ કરી દીધો હતો. આથી કંપનીના સંચાલકોને શંકા જતાં સમગ્ર મામલે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

વ્યારા મિશનનાકા ખાતે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી



દ્રષ્ટિકોણ-વ્યારા, તાપી જિલ્લાના ૭૨ કલાકના પ્રવાસ કાર્યક્રમના પ્રથમ દિવસે શુક્રવારે સવારે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ વ્યારા ખાતે વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. પ્રવાસના પ્રારંભે તેમણે સુપ્રસિદ્ધ અંબાજી મંદિરે માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.ત્યારબાદ વ્યારાના મિશનનાકા ખાતે મહાન ક્રાંતિકારી જનનાયક ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ ઉપરાંત બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પણ પુષ્પાંજલિ અર્પી આદરપૂર્વક નમન કર્યું હતું. આ પ્રસંગે મંત્રી પાનશેરીયાએ ભગવાન બિરસા મુંડાના દેશપ્રેમ, આદિવાસી સમાજના ઉત્થાન તેમજ જળ, જંગલ અને જમીનની રક્ષા માટેના અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ કાર્યક્રમમાં વ્યારાના ધારાસભ્ય મોહનભાઈ કોંકણી, જિલ્લા સંગઠન પ્રભારી ડૉ. જગદીશભાઈ પટેલ, જિલ્લા અગ્રણી સુરજભાઈ વસાવા સહિત સંગઠનના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાપી કલેક્ટર દેવ ચૌધરીએ ખડકા ચીખલી ગામની મુલાકાત લઈ વિકાસકામો અને સરકારી યોજનાઓની કરી સમીક્ષા



દ્રષ્ટિકોણ-તાપી: તાપી જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીએ શુક્રવારે સોનગઢ તાલુકાના ખડકા ચીખલી ગામની રૂબરૂ મુલાકાત લઈ ગ્રામ્ય સ્તરે અમલી વિવિધ સરકારી યોજનાઓ અને માળખાકીય સુવિધાઓની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ગામની પ્રાથમિક શાળાના વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. બાળકોના શૈક્ષણિક સ્તરની ચકાસણી કરી શિક્ષકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.ત્યારબાદ આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકોના પોષણ સ્તર, વજન અને ઊંચાઈ માપવાની પ્રક્રિયાનું જાત નિરીક્ષણ કર્યું હતું. સાથે જ દૂધ સંજીવની યોજના, પૂરક પોષણ સહિતની વિવિધ યોજનાઓ અને કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે આંગણવાડી કાર્યકર બહેનો પાસેથી વિગતો મેળવી હતી.

કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત દરમિયાન દફ્તર નિભાવણી, મહેસૂલી કામગીરી તેમજ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી.

આ ઉપરાંત ગામના આંતરિક રસ્તાઓ, સ્વચ્છતા અને અન્ય પાયાની સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કરી ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો.

મઢી-માંડવીને જોડતા નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજની મંત્રી રિવાબા જાડેજાએ મુલાકાત લીધી



દ્રષ્ટિકોણ-બારડોલી, તા. ૨૭

રાજ્યના ૧૪ આદિવાસી જિલ્લાઓની વિધાનસભા બેઠકોમાં મંત્રીઓના ૭૨ કલાકના પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા સુરત જિલ્લાના મહુવા વિધાનસભા વિસ્તારની ત્રણ દિવસીય મુલાકાતે છે. પ્રવાસના પ્રથમ દિવસે મંત્રીએ બારડોલી તાલુકાના મઢી ગામે નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજની સ્થળ મુલાકાત લઈ કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

શામળાજી-વાપી હાઈવે પર બ્રિજની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ; કામ ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી

શામળાજી-વાપી હાઈવે પર મઢી અને માંડવીને જોડતા આ મહત્વપૂર્ણ ઓવરબ્રિજનું કામ ઝડપથી પૂર્ણ થાય તે હેતુથી મંત્રીએ સ્થળ પર જ માર્ગ અને મકાન વિભાગ તથા તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી હતી. બ્રિજના બાંધકામની પ્રગતિ અંગે વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન અને દિશાનિર્દેશો આપ્યા હતા.

આ મુલાકાત દરમિયાન મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્રપ્રકાશ મીના, જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા, પ્રાંત અધિકારી રોશની પટેલ સહિત સ્થાનિક પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાર્કોટિક્સના ગુનામાં અગાઉ પકડાયેલા આરોપીઓને કાયદાની કડક જોગવાઈઓ સમજાવી

દ્રષ્ટિકોણ-તાપી : નશાકારક પદાર્થોના ગેરકાયદેસર વેચાણ, સેવન અને હેરાફેરી સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી તાપી જિલ્લા પોલીસ દ્વારા વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત નાર્કોટિક્સ સંબંધિત ગુનાઓમાં અગાઉ પકડાયેલા આરોપીઓને બોલાવી NDPS કાયદાની વિવિધ જોગવાઈઓ અંગે સમજણ આપી કડક સૂચનાઓ આપવામાં આવી હતી.કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર કે.ડી. મંડોર (SOG), પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. પટેલ (ANW) તથા સ્ટાફ દ્વારા આરોપીઓને NDPS કાયદા હેઠળ ગુનાની ગંભીરતા, કાયદાકીય જોગવાઈઓ, આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ અને ગુનામાં સંડોવણીના ગંભીર પરિણામો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત નશાની લતમાંથી બહાર આવવા માટે નશામુક્તિ કેન્દ્રો તથા રિહેબિલિટેશનની સેવાઓનું મહત્વ સમજાવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓએ તમામને ભવિષ્યમાં નશાકારક પદાર્થોના ગેરકાયદેસર વેચાણ, હેરાફેરી કે સેવનથી સંપૂર્ણપણે દૂર રહેવા તેમજ આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ન થવા કડક સૂચના આપી હતી. તાપી જિલ્લા પોલીસ દ્વારા નશામુક્ત સમાજના નિર્માણ અને નાર્કોટિક્સના ગેરકાયદેસર કારોબારને ડામવા કડક પોલીસ કાર્યવાહી સાથે જનજાગૃતિના કાર્યક્રમો પણ સતત હાથ ધરવામાં આવી રહ્યા છે.

Clasified વર્ગીકૃત જાહેરાત

















મુંબઈ-સુરત ઇન્વેસ્ટિગેશન વિંગની કાર્યવાહી; ૮૦ થી વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા





સુરતમાં અકાય ઇન્ડસ્ટ્રીઝ અને શ્રી અરિહંત ડાયકેમ પર ઇન્કમટેક્સના દરોડા

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

સુરતના ઉદ્યોગજગતમાં આવકવેરા વિભાગની તપાસને પગલે ખળભળાટ મચી ગયો છે. મુંબઈ અને સુરત ઇન્કમટેક્સ ઇન્વેસ્ટિગેશન વિંગ (ડીડીઆઈ) દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મુંબઈમાં રજિસ્ટર્ડ અને સુરતમાં કાર્યરત અકાય ઇન્ડસ્ટ્રીઝ તથા શ્રી અરિહંત ડાયકેમ કંપની પર દરોડા પાડવામાં આવ્યા છે. વહેલી સવારથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં બંને શહેરોના ૮૦થી વધુ અધિકારીઓ જોડાયા છે.

આવકવેરા વિભાગની ટીમોએ શ્રી અરિહંત ડાયકેમના ડિરેક્ટર મિલન શાહ અને રોહન શાહના નિવાસસ્થાન, મુંબઈ સ્થિત કોર્પોરેટ ઓફિસ તેમજ બંને કંપનીઓનાં અન્ય ધંધાકીય સ્થળોએ તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત સંબંધિત અન્ય સ્થળોએ પણ અધિકારીઓ પહોંચી દસ્તાવેજો, હિસાબી ચોપડાં અને નાણાકીય વ્યવહારોની ચકાસણી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ડિરેક્ટરોના નિવાસસ્થાનથી માંડીને કોર્પોરેટ ઓફિસ અને ધંધાકીય સ્થળોએ દસ્તાવેજોની ચકાસણી

અકાય ઇન્ડસ્ટ્રીઝ ફૂડ-ગ્રેડ કલર્સ અને પિગમેન્ટ્સના ઉત્પાદન તથા નિકાસ સાથે સંકળાયેલી કંપની છે.

કંપનીની પ્રોફાઇલ મુજબ, તે હળદર, બીટરૂટ, અન્નાટ્ટો અને વેજિટેબલ કાર્બન જેવા કુદરતી ફૂડ કલર્સ ઉપરાંત વિવિધ સિન્થેટિક ડાઇઝ, લેક કલર્સ, લિક્વિડ કલર્સ અને કસ્ટમ બ્લેન્ડેડ પાવડરનું ઉત્પાદન કરે છે. તેના ઉત્પાદનોનો ઉપયોગ ફૂડ, બેવરેજીસ, બેકરી, ડેરી, ફાર્માસ્યુટિકલ્સ અને કોસ્મેટિક્સ સહિતના ક્ષેત્રોમાં થાય છે. સચિન જીઆઈડીસી ખાતે કાર્યરત કંપની ડાયઝ અને ડાય ઇન્ટરમીડિયેટ્સના ઉત્પાદન ક્ષેત્રે પણ સંકળાયેલી છે.

કંપનીની ઉપલબ્ધ પ્રોફાઇલ અનુસાર, તેની ઉત્પાદન ક્ષમતા દર મહિને આશરે ૨૫૦ મેટ્રિક ટન સુધીની છે અને ૧૫૦થી વધુ કર્મચારીઓનો વર્કફોર્સ ધરાવે છે.આર સોલ્ટ, જી સોલ્ટ, અમીડો જી સોલ્ટ અને કે એસિડ જેવા ડાય ઇન્ટરમીડિયેટ્સ ઉપરાંત 'અરિહંત કલર' બ્રાન્ડ હેઠળ નેચરલ, સિન્થેટિક અને લેક ફૂડ કલર્સના વ્યવસાય સાથે પણ કંપની જોડાયેલી છે.

હાલ આવકવેરા વિભાગની તપાસમાં કયા પ્રકારના નાણાકીય વ્યવહારો કે કરવેરા સંબંધિત વિગતો સામે આવે છે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી. તપાસ પૂર્ણ થયા બાદ જ દરોડાની કાર્યવાહી અને તેમાં મળેલા દસ્તાવેજો અંગે વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.



તસવીરઃ હનિફ મલિક, સુરત

દ્રષ્ટિકોણ-સુરતઃ સરદાર માર્કેટ પાછળ સંજયનગર ચોપડપટ્ટી વિસ્તારમાં આવેલી ખાડી કચરાના ઢગલાથી ઉભરાઈ રહી છે. નવા આવેલા લોકો દ્વારા ખાડીમાં કચરો ઠાલવવામાં આવતો હોવાના કારણે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. કચરાથી ખાડીનો પ્રવાહ અવરોધાતાં સ્થાનિકોમાં દુર્ગંધ, મચ્છરો અને રોગચાળાની ભીતિ ફેલાઈ છે.

ટોકન આપ્યા બાદ પણ અરજદારોને પરત મોકલવાનો આક્ષેપ

સુરત RTOમાં લર્નિંગ લાયસન્સ ટ્રેક ટેસ્ટની કામગીરી સામે અરજદારોમાં આક્રોશ

સાંજે ૫:૩૦થી ૬:૩૦નો અપોઇન્ટમેન્ટ સ્લોટ હોવા છતાં ૬ વાગ્યા પછી ટેસ્ટ ન લેવાતી હોવાની ફરિયાદ



દ્રષ્ટિકોણ-સુરત, સુરત આરટીઓ કચેરીમાં ડ્રાઇવિંગ લાયસન્સ માટેની લર્નિંગ ટ્રેક ટેસ્ટની કામગીરી સામે અરજદારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સાંજે ૫:૩૦થી ૬:૩૦ વાગ્યા સુધીનો અપોઇન્ટમેન્ટ સ્લોટ આપવામાં આવ્યો હોવા છતાં સાંજે ૬ વાગ્યા પછી ટ્રેક ટેસ્ટ લેવામાં આવતી ન હોવાની ફરિયાદો ઊઠી છે. એટલું જ નહીં, કેટલાક કિસ્સાઓમાં અરજદારોને ટોકન આપ્યા બાદ પણ ટેસ્ટ લીધા વિના પરત મોકલી દેવામાં આવતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

અરજદારોના જણાવ્યા મુજબ, ઓનલાઇન અપોઇન્ટમેન્ટ દરમિયાન સાંજે ૫:૩૦થી ૬:૩૦ વાગ્યા સુધીનો સમય ફાળવવામાં આવે છે. આથી તેઓ નિયત સમયે આરટીઓ કચેરીએ પહોંચી ટોકન સહિતની પ્રક્રિયા પણ પૂર્ણ કરે છે. જોકે, સાંજે ૬ વાગ્યા બાદ ટ્રેક ટેસ્ટ લેવામાં આવતી ન હોવાના કારણે અનેક અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

અરજદારોનો સવાલ છે કે જો અપોઇન્ટમેન્ટનો સમય સાંજે ૬:૩૦ વાગ્યા સુધીનો હોય તો ૬ વાગ્યા પછી પહોંચેલા અથવા પ્રક્રિયા પૂર્ણ કરી ચૂકેલા અરજદારોની ટેસ્ટ કેમ લેવામાં આવતી નથી? ટોકન ફાળવ્યા બાદ પણ ટેસ્ટ લીધા વિના પરત મોકલવામાં આવે તો તેની જવાબદારી કોની રહેશે? બીજી તરફ, આ મામલે આરટીઓના અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ તરફથી સંતોષકારક જવાબ મળતો ન હોવાની પણ ફરિયાદ છે.

ટેસ્ટ ન લેવાતાં અરજદારોને ફરીથી રૂ.૩૦૦નો ખર્ચ કરીને નવી અપોઇન્ટમેન્ટ લેવાની ફરજ પડે છે. નવી અપોઇન્ટમેન્ટ પણ મહિનાઓ બાદ મળતી હોવાના કારણે અરજદારોનો સમય અને નાણાં બંનેનો બગાડ થઈ રહ્યો છે. હવે સવાલ એ ઊભો થયો છે કે અપોઇન્ટમેન્ટના નિર્ધારિત સમય અને વાસ્તવિક ટેસ્ટ કામગીરી વચ્ચેનો તફાવત ક્યારે દૂર થશે? આરટીઓ તંત્ર આ મામલે સ્પષ્ટતા કરી અરજદારોની મુશ્કેલીનો ઉકેલ લાવે તેવી માંગ ઊઠી છે.

પાલના રિઝર્વ પ્લોટ પર મોર્ગન ઈડલી રેસ્ટોરન્ટનું ગેરકાયદે બાંધકામ હટાવાયું

દબાણ હટાવવાની કામગીરીમાં પાલિકાની મિલકતને દોઢ લાખથી વધુનું નુકસાન, જવાબદારો પાસેથી નુકસાન વસૂલવાની માંગ

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

સુરત મહાનગરપાલિકાના પાલ વિસ્તારમાં ટીપી સ્કીમ નં. ૧૬ના પાલ ફાઇનલ પ્લોટ નં. ૧૦૩ પર આવેલા રિઝર્વ પ્લોટમાં મોર્ગન ઈડલી રેસ્ટોરન્ટ દ્વારા પાકું બાંધકામ કરી એસી રેસ્ટોરન્ટ ચલાવવામાં આવતું હોવાની ફરિયાદ બાદ આખરે પાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું છે. પાલિકાની માલિકીના આ પ્લોટને સ્થાયી સમિતિના ઠરાવથી ખુલ્લા પ્લોટ તરીકે ફાળવવામાં આવ્યો હોવા છતાં તેનો કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવતો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. ફરિયાદના પગલે હવે પાલિકાએ ગેરકાયદે બાંધકામ દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી છે.આ મામલે પૂર્વ કોર્પોરેટર ઉબાબેન પટેલે મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ વિભાગને ફોટોગ્રાફ્સ સાથે લેખિત રજૂઆત કરી હતી. રિઝર્વ પ્લોટ પર પાકું બાંધકામ કેવી રીતે થયું, જવાબદાર અધિકારીઓની નજર આટલા સમય સુધી કેમ ન પડી, બાંધકામનો વેરો વસૂલવામાં આવ્યો છે કે નહીં તેમજ રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીની પૂરતી વ્યવસ્થા છે કે નહીં તેવા ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. પશ્ચિમ ઝોનના અન્ય રિઝર્વ પ્લોટ પર પણ પાકાં બાંધકામો અને ઝૂંપડાં ઊભાં થયાં હોવાની ફરિયાદ સાથે તમામ સ્થળોની તપાસની માંગ કરાઈ હતી. એક જાગૃત નાગરિકે પણ મ્યુનિસિપલ કમિશનરને ઈમેઈલ મારફતે ફરિયાદ કરી હતી. મીડિયામાં આ મુદ્દો ઉઠ્યા બાદ પાલિકાએ કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, બાંધકામ દૂર કરવાની કામગીરી દરમિયાન લોખંડનો ગેટ, દિવાલ અને તેના પર લગાવેલી લોખંડની ગ્રીલ તોડી નાખવામાં આવતાં પાલિકાની પોતાની મિલકતને જ અંદાજે દોઢ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

આથી હવે નાગરિકો અને ફરિયાદીઓ દ્વારા તોડફોડમાં થયેલા નુકસાનની જવાબદારી નક્કી કરી જવાબદારો પાસેથી રકમ વસૂલવાની માંગ ઊઠી છે. સાથે જ પાલિકાના ઠરાવનો અનાદર કરીને રિઝર્વ પ્લોટ પર પાકું બાંધકામ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને આટલા સમય સુધી બાંધકામ સામે આંખ આડા કાન કરનારા જવાબદાર અધિકારીઓની ભૂમિકા પણ તપાસવા માંગ કરવામાં આવી રહી છે.

બેરોજગાર યુવકનો આપઘાત

સુરત, સુરત શહેરમાં આવેલા ડિંડોલી વિસ્તારમાં ગણેશનગરમાં રહેતા ૪૩ વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપઘાતના બનાવ પાછળ બેરોજગારી, દારૂના વ્યસન અને આર્થિક સંકડામણ કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ડીંડોલી વિસ્તારમાં ગણેશ નગર ખાતે રહેતા ૪૩ વર્ષીય સતીષ રાજુ તમખાને બેરોજગાર હતા અને દારૂના વ્યસનથી પીડાતા તેમની પત્ની છેલ્લા એક વર્ષથી પુત્ર સાથે અલગ રહે છે. સતીષભાઈએ ગઈકાલે સાંજે પોતાના ઘરમાં છતની હૂક સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું. આપઘાતના બનાવ અંગે ડીંડોલી પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી. આપઘાતના બનાવ પાછળ બેરોજગારી, દારૂના વ્યસન અને આર્થિક સંકડામણ કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે.

ઉધનામાં ટેમ્પો ડ્રાઈવરનો ફાંસો ખાઈ આપઘાત

સુરત, સુરતના ઉધના વિસ્તારમાં ઓમ સાઈ નગરમાં રહેતા ૨૪ વર્ષીય યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધુ હતું. બનાવ પાછળ આર્થિક સંકડામણ કારણભૂત હોવાની આશંકા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઉધના વિસ્તારમાં ઓમ સાઈ નગરમાં રહેતા ૨૪ વર્ષીય મૃતક સરફરાઝ મુખ્તાર અહેમદ હાસમી ત્રણ ભાઈઓમાનો એક હતો અને ટેમ્પો ડ્રાઈવર તરીકે કામ કરતો હતો. તેણે ગત રાત્રે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં ૧૦૮ની ટીમને બોલાવવામાં આવી હતી, જ્યાં યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.આર્થિક સંકડામણને કારણે યુવકે આ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજી સ્પષ્ટ થયું નથી. બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ઉધનામાં જૂની અદાવતમાં દુકાનમાં ઘૂસી હુમલાખોરે યુવકને બ્લેડના ઘા માર્યા

યુવકની માતા અને પુત્રવધુને ગાળો આપી જાનથી મારવા ધમકી આપી ને બચાવવા વચ્ચે પડેલા મિત્રને પણ ઘા ઝીંક્યા

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૭

ઉધનામાં જૂની અદાવતમાં એક શખ્સે યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે. યુવકને બચાવવા વચ્ચે પડેલા તેના મિત્રને પણ ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. આરોપીએ અગાઉ યુવકની માતા અને પત્ની સાથે પણ અભદ્ર વર્તન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

ઉધના બી.આર.સી. ગાંધીકુટીર ખાતે રહેતાં ૪૦ વર્ષીય સાવિત્રીબેન વીરસિંહની ફરિયાદ મુજબ, ૨૫ નવેમ્બરના રોજ સાંજે આશરે ૭:૩૦ વાગ્યાની આસપાસ કુલદીપ ઉર્ફે પ્રિન્સ નામનો શખ્સ તેમના ઘરે આવ્યો હતો અને પુત્ર રોહીત ઉર્ફે ભટકા ઉર્ફે અમન વિશે પૂછ્યું હતું. કુલદીપે સાવિત્રીબેન અને તેમની પુત્રવધુ લક્ષ્મી સાથે ગાળાગાળી કરી હતી તેમજ રોહીત મળશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નીકળી ગયો હતો.ત્યારબાદ રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યે ઉધનાના કલ્યાણ કુટીર ખાતે શિવમ હેર સલૂન નજીક આરોપી કુલદીપ ઉર્ફે પ્રિન્સ રોહીત પાસે ધસી આવ્યો હતો. રોહીત જીવ બચાવવા નજીકની શિવમ હેર સલૂનની દુકાનમાં ઘૂસી ગયો હતો. દરમિયાન આરોપીએ પેન્ટના ખિસ્સામાંથી બ્લેડ જેવું તીક્ષ્ણ હથિયાર કાઢી રોહીતની જમણી બાજુ પડખાના ભાગે ઘા માર્યો હતો. રોહીતને બચાવવા તેનો મિત્ર રાહુલ ઉર્ફે ભટકા વચ્ચે પડતાં આરોપીએ તેના ડાબા ખભા પર પણ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો અને ઢીકમુક્કીનો માર માર્યો હતો.

હુમલા બાદ કુલદીપ સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. સાવિત્રીબેને ઉધના પોલીસ મથકમાં કુલદીપ ઉર્ફે પ્રિન્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.







This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.